તેમના ઉપર વત્સલતા રાખવી, અને ૮. ધર્મકથાદિ દ્વારા ધર્મનો પ્રચાર કરવો તે.*

જ્ઞાનાચાર એટલે: ૧. જે કાળે શાસ્ત્રાધ્યયન (સ્વાધ્યાય) થઈ શકે, તે કાળે જ કરવું; ૨. વિદ્યા આપનાર ગુરુ પ્રત્યે વિનયભાવ રાખવો; ૩. ગુરુનું બહુમાન કરવું; ૪. શાસ્ત્ર ભણતી વખતે જે તપકર્મ કરવાનું હોય (ઉપધાન) તે કરવું, ૫. જેની પાસેથી વિદ્યા મેળવી હોય તેનું નામ છુપાવી બીજાનું કહેવું નહીં; શાસ્ત્રમાં — ૬. શબ્દભેદ, ૭. અર્થભેદ, કે ૮. ઉભયભેદ — ન કરવા.

ચારિત્રાચાર: પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ પ્રમાણે ચિત્તસ્વાસ્થ્યપ્રધાન જે આઠ યોગો — વ્યાપારો — તેમનાથી યુક્ત રહેવું તે.

તપાચાર: બાહ્ય અને આભ્યંતર એવા અનશન, પ્રાયશ્ચિત્ત વગેરે બાર પ્રકારના તપનું ગ્લાનિરહિતપણે, યથાશક્તિ, તથા બીજા કોઈ ફળની આકાંક્ષા રાખ્યા વિના આચરણ કરવું તે.

વીર્યાચાર: ઉપરના છત્રીસે પ્રકારના આચારમાં બાહ્ય આભ્યંતર શક્તિ ગોપવ્યા વિના પરાક્રમ કરવું તે.

* વિશેષ માટે જુઓ આ માળાનું 'યોગશાસ્ત્ર' પુસ્તક, પા ૩૧, નોંધ ૩, તથા પા ૬૬, નોંધ ૩

વાયુકાયિક જીવો, ૫ વનસ્પતિકાયિક જીવો, અને ૬. ત્રસકાયિક[1] જીવો.

પૃથ્વી સજીવ છે; તથા જુદા જુદા અનેક જીવ-યુક્ત છે. સિવાય કે, અગ્નિ વગેરે શસ્ત્રથી તે નિર્જીવ થઈ હોય. તે જ પ્રમાણે પાણીનું પણ સમજવું, અગ્નિનું પણ સમજવું અને વાયુનું પણ સમજવું. વળી, ટોચકું વાવવાથી ઊગતી (અગ્રબીજ), મૂળ વાવવાથી ઊગતી (મૂળબીજ), પેરાઈ (ગાંઠી) વાવવાથી ઊગતી (પર્વબીજ), ડાળ વાવવાથી ઊગતી (સ્કંધબીજ), બીજ વાવવાથી ઊગતી (બીજરુહ), કે કોઈ બીજ વિના જ ઊગતી તૃણ, લતા વગેરે ભેદ-વાળી (સંમૂર્છિમ[2]) વનસ્પતિ પણ સજીવ છે તથા જુદા જુદા અનેક જીવયુક્ત છે. સિવાય કે, કુહાડી અગ્નિ વગેરે શસ્ત્રથી તે નિર્જીવ થઈ હોય.

૧ [illegible]

૨. [illegible]

ત્રસ પ્રાણો તો અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્છનજ, ઉદ્ભેદજ, ઉપપાતજ વગેરે[1] અનેક પ્રકારના સુપ્રસિદ્ધ છે. જે કોઈ પ્રાણીઓ સમજપૂર્વક સામા આવવું, પાછા વળી જવું, ગાત્ર સંકોચવાં, ગાત્ર ફેલાવવાં, અવાજ કરવો, ભ્રમણ કરવું, ત્રાસ પામવો, પલાયન કરવું, જવું, આવવું વગેરે ક્રિયાઓ કરે છે, તે 'ત્રસ' કહેવાય. તે જેવાકે, કૃમિ વગેરે બે ઇંદ્રિયવાળા જીવો, કુંથવા વગેરે ત્રણ ઇંદ્રિયવાળા જીવો, પતંગ વગેરે ચાર ઇંદ્રિયવાળા જીવો, તેમજ ગાય, મનુષ્ય, નારકી, દેવ વગેરે પંચેંદ્રિય જીવો.

એ બધા પૃથ્વી આદિ જીવો સુખાભિલાષી[2] છે માટે એ સર્વે[3] જીવોને જાતે કદી દુઃખ

ન આપવું, બીજા પાસે ન અપાવવું, કે કોઈ આપતો હોય તેને અનુમોદન ન આપવું; અને એવો નિશ્ચય કરવો કે, 'મરતા સુધી મન-વાણી-કાયા એ ત્રણેથી હું જીવહિંસા નહિ કરું, નહીં કરાવું, કે કોઈ કરતો હશે તેને અનુમતિ પણ નહીં આપું. હે ભદન્ત[1]! ભૂતકાળમાં કરેલી હિંસામાંથી પણ હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું[2]; અને તે હિંસા કરનાર મારી જાતનો[3] ત્યાગ કરું છું.' [૧-૨]

'હે ભદન્ત! જીવહિંસામાંથી[4] વિરમવું એ પ્રથમ મહાવ્રત છે. હે ભદન્ત! હું સર્વ પ્રકારની જીવહિંસાનો ત્યાગ કરું છું. કોઈ પણ પ્રાણ, પછી તે નાનો હો કે મોટો હો, અથવા તો સ્થાવર

૧ [illegible]

૨ નિંદા પોતાની સાક્ષીએ અને ગર્હા ગુરુની સાક્ષીએ [illegible].

૩ [illegible] હિંસામાંથી 'પાછો ફરું' (प्रतिक्रमामि) [illegible] (जुगुप्सामि) [illegible]

૪ [illegible]

છું, તેની ગર્હા કરું છું; અને તે અસત્ય બોલનાર મારી જાતનો ત્યાગ કરું છું.

'હે ભદન્ત! સર્વ પ્રકારના[1] અસત્ય બોલવામાંથી વિરમવારૂપી દ્વિતીય મહાવ્રતમાં હું સ્થિત થાઉં છું. [૪]

'હે ભદન્ત! માલિકે ન આપેલી વસ્તુ ચોરી લેવામાંથી વિરમવું એ ત્રીજું મહાવ્રત છે. હે ભદન્ત! હું સર્વ પ્રકારની ચોરીનો ત્યાગ કરું છું. ગામ[2], નગર કે અરણ્યમાં, થોડું, બહુ, નાનું,

૧ હરિભદ્રસૂરિ [illegible] જણાવે છે કે, અસત્યવચન ચાર પ્રકારનું [illegible] હોય તેના પ્રતિષેધ કરવા; ન હોય તેનું ઉદ્ભાવન કરવું, હોય તેને અન્યથા [illegible] અને ગર્હા [illegible] (જેમ કે [illegible])

૨ [illegible]

[illegible]

તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું, અને તે મૈથુન સેવનાર મારી જાતનો ત્યાગ કરું છું.

'હે ભદન્ત! સર્વ પ્રકારના મૈથુનમાંથી વિરમવારૂપી ચતુર્થ મહાવ્રતમાં હું સ્થિત થાઉં છું. [૬]

'હે ભદન્ત! પરિગ્રહના સંબંધથી વિરમવું એ પાંચમું મહાવ્રત છે. હે ભદન્ત! હું સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરું છું. થોડું, બહુ, નાનું, મોટું, સજીવ કે નિર્જીવ એવા કશાનો પણ હું જાતે પરિગ્રહ નહીં કરું, બીજા પાસે નહીં કરાવું, કે કોઈ કરતો હશે તેને અનુમતિ પણ નહીં આપું. મરતા સુધી મન-વાણી-કાયા એ ત્રણેથી હું જાતે પરિગ્રહ નહીં કરું, બીજા પાસે નહીં કરાવું, કે કોઈ કરતો હશે તેને અનુમતિ નહીં આપું. હે ભદન્ત! ભૂતકાળમાં કરેલ પરિગ્રહમાંથી પણ હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું, અને તે પરિગ્રહ કરનાર મારી જાતનો ત્યાગ કરું છું.

'હે ભદન્ત! સર્વ પ્રકારના પરિગ્રહથી વિરમવારૂપી પંચમ મહાવ્રતમાં હું સ્થિત થાઉં છું. [૭]

'હે ભદન્ત! રાત્રીભોજનથી વિરમવું એ છઠ્ઠું વ્રત છે. હે ભદન્ત! હું સર્વ પ્રકારના રાત્રીભોજનનો

ભિક્ષુ કે ભિક્ષુણી, દિવસે યા રાતે, એકલાં કે બધાંની વચમાં, સૂતાં કે જાગતાં, જમીન, નદીકિનારો, શિલા, પથ્થર, રજયુક્ત શરીર, રજયુક્ત વસ્ત્ર, કે રજયુક્ત પાત્રાદિને હાથ, પગ, લાકડું, ડાંખળી, આંગળી, સળી કે સળીઓ વડે જાતે ન ખોતરે, ન ખણે, ન ખસેડે કે ન ભાગે; બીજા દ્વારા પણ તેમ ન કરાવે; કે કોઈ કરતું હોય તેને અનુમતિ પણ ન આપે. અને એવો નિશ્ચય કરે કે, 'મરતા સુધી, મન-વાણી-કાયા વડે પૃથ્વીજીવોને ત્રાસરૂપ એ બધું હું નહિ કરું, નહિ કરાવું, કે કોઈ કરતો હશે તેને અનુમતિ નહિ આપું. હે ભદંત ! ભૂતકાળમાં તેમ કર્યું હોય તેમાંથી પણ હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું; અને તેમ કરનાર મારી જાતનો ત્યાગ કરું છું' [૧૦]

તે જ પ્રમાણે જળકાય જીવોની બાબતમાં પણ સમજવું. જેમકે પાણી, ઓસ, હિમ, ધુમસ, કરા, ઝાકળ, વરસાદ, ટાઢું કે બીજું શરીર, વસ્ત્ર કે પાત્રાદિ. હવે બધાને ન લૂછે, ન નિચોવે, ન ખંખેરે, ન ઝાટકે, ન તપાવે કે ન સૂકવે.' [૧૧]

[illegible]

તે જ પ્રમાણે અગ્નિકાયિક જીવોની બાબતમાં પણ સમજવું. જેમકે, અગ્નિ, અંગાર, ભરસાડ[1], ભડકો,[2] જ્વાળા, ઊંબાડિયું, શુદ્ધ અગ્નિ,[3] કે ગગનનો અગ્નિ (ઉલ્કા). એ બધાને ન છાટવા, ન સંકોરવાં, ન પ્રજ્વલિત કરવા કે ન હોલવવાં. [૧૨]

તે જ પ્રમાણે વાયુકાયિક જીવોની બાબતમાં પણ સમજવું. જેમકે, ચામર, વીંજણો, પંખો, પાન, શાખા, પીંછાં, વસ્ત્ર કે મોં વડે પોતાના શરીરને કે બહારની (ગરમ) વસ્તુને ન ફૂંકવી, કે ન પંખો કરવો. [૧૩]

તે જ પ્રમાણે વનસ્પતિકાયિક જીવોની બાબતમાં પણ સમજવું. જેમકે, બીજ, અંકુર, ફણગા, હરિયાળી, તેમના (નિર્જીવ) ટુકડાઓ, કે તે બધાવાળી ચીજો, તથા [illegible] વગેરે કે જીવજંતુવાળાં લાકડાં વગેરે ઉપર ચાલવું નહિ, ઊભા રહેવું નહિ, બેસવું નહિ, કે સૂવું નહિ. [૧૪]

૧. [illegible]

૨. [illegible]

૩. [illegible]

તે જ પ્રમાણે ત્રસ જીવોની બાબતમાં પણ સમજવું. જેમકે, કીડા, પતંગ, કુંથવો કે કીડી વગેરેને હાથ, પગ, બાહુ, ઊરુ, ઉદર, માથું, વસ્ત્ર, પાત્ર, કંબળ, પગલૂછણિયું, રજોહરણ, ગુચ્છો, કુંડી,* દંડ, સૂવાનું પાટિયું, પીઠ ટેકવવાનુ પાટિયુ, શય્યા,[1] પથારી, કે તેવી કોઈ જગાએ આવી ચડેલાં જુએ, તો સાવધાનીથી વારંવાર જોઈ–તપાસીને વીણી કાઢે તથા એકાંત સ્થળમાં નાખી આવે, પરંતુ તેમને દબાવા–કચરાવા ન દે. [૧૫]

૨

જે માણસ કાળજીપૂર્વક નથી ચાલતો[2], કાળજીપૂર્વક નથી ઊભો રહેતો, કાળજીપૂર્વક નથી બેસતો, કાળજીપૂર્વક નથી સૂતો, કાળજીપૂર્વક નથી ખાતો, તથા કાળજીપૂર્વક નથી બોલતો તે ભૂતપ્રાણીઓની હિંસા કરે છે અને પાપકર્મ બાંધે છે, તથા તેનું કડવું ફળ તેને ભોગવવું પડે છે. [૧-૬]

* [illegible]

૧ [illegible]

૨ [illegible]

અજીવ એ બંને તત્ત્વોને જાણે છે, ત્યારે સર્વ જીવોની (પોતપોતાનાં કર્મને અનુરૂપ) અનેકવિધ ગતિને જાણે છે. જ્યારે જીવોની અનેકવિધ ગતિને જાણે છે, ત્યારે તેના કારણરૂપ પુણ્ય-પાપને, તેમજ બંધ-મોક્ષને પણ જાણે છે. જ્યારે પુણ્ય-પાપ તેમજ બંધ-મોક્ષને જાણે છે, ત્યારે તેને દૈવી તેમજ માનુષી ભોગોમાંથી નિર્વેદ (વૈરાગ્ય) પ્રાપ્ત થાય છે. જ્યારે તે દૈવી તેમજ માનુષી ભોગોમાંથી વિરક્ત થાય છે, ત્યારે તેમનો આંતર-બાહ્ય સંબંધ છોડી દે છે. જ્યારે તેમનો આંતર-બાહ્ય સંબંધ છોડી દે છે, ત્યારે માથું મૂંડાવી, ઘરબાર વિનાનો સાધુ થાય છે. જ્યારે માથું મૂંડાવી ઘરબાર વિનાનો સાધુ થાય છે, ત્યારે પાપકર્મોને રોકી ઉત્તમ ધર્મનું સેવન કરે છે. જ્યારે પાપકર્મોને રોકી, ઉત્તમ ધર્મનું (તપનું) સેવન કરે છે, ત્યારે અજ્ઞાનથી એકઠી કરેલી કર્મરૂપી રજને[1] ખંખેરી નાખે છે.

[1] [illegible]

જ્યારે અજ્ઞાનથી એકઠી કરેલી કર્મરજ ખંખેરી નાખે છે, ત્યારે તેને સર્વ વિષયક જ્ઞાન–દર્શન[1] પ્રાપ્ત થાય છે. જ્યારે તેને સર્વવિષયક જ્ઞાન–દર્શન પ્રાપ્ત થાય છે, ત્યારે તે કેવલજ્ઞાની જિન, લોક તેમજ અલોકને[2] જાણી શકે છે. જ્યારે તે કેવલજ્ઞાની જિનને લોક તેમજ અલોકનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે તે પોતાના મન–વાણી–કાયાના વ્યાપારોનો નિરોધ કરી, શૈલ જેવી નિશ્ચળ 'શૈલેશી' દશા પ્રાપ્ત કરે છે જ્યારે તે પોતાના મન–વાણી–કાયાના વ્યાપારોનો નિરોધ કરી, શૈલ જેવી નિશ્ચળ 'શૈલેશી' દશા પ્રાપ્ત કરે છે, ત્યારે તે બાકીના સર્વ કર્મોનો ક્ષય કરી નિરંજન બની, લોકની ટોચે જવારૂપી 'સિદ્ધિ'ગતિ પ્રાપ્ત કરે છે જ્યારે તે બાકીના સર્વ કર્મોનો ક્ષય કરી, નિરંજન બની, લોકની ટોચે જવારૂપી 'સિદ્ધિ'-ગતિ પ્રાપ્ત કરે છે, ત્યારે તે લોકના માથા ઉપર જઈ, શાશ્વત સિદ્ધ બને છે. ૧૨-૨૫

૧ [illegible]

૨ [illegible]

૩ [illegible]

સુખાસ્વાદક, સુખૈશી, ઊંઘણશી, તેમ જ ધોવા-માંજવા[1] કર્યા કરનારા શ્રમણને સુગતિ દુર્લભ છે. પરંતુ તપોધન, સરળ બુદ્ધિવાળા, ક્ષમા અને સંયમમાં પરાયણ, તથા મુશ્કેલીઓથી ન દબાનારા શ્રમણને સુગતિ સુલભ છે. [૨૬-૭]

શ્રદ્ધાયુક્ત તથા પ્રયત્નશીલ શ્રમણે દુર્લભ શ્રમણપણું પામીને આ અધ્યયનમાં જણાવેલ છ જીવવર્ગોને દુઃખ થાય એવું કાંઈ ન આચરવું. [૨૮]

નોંધ

ગયા અધ્યયનમાં આચાર વિષે વાત કરી. પરંતુ જ્ઞાન વિના આચાર સંભવિત નથી. જ્ઞાન એટલે વસ્તુસ્વરૂપની સમજ. જ્યાં સુધી વસ્તુસ્વરૂપ જાણ્યું નથી, ત્યાં સુધી આચાર શેનો? તેથી આ અધ્યયનમાં વસ્તુસ્વરૂપ સમજાવવા જીવ અને અજીવ એ તત્ત્વોની સમજ આપી છે. આ અધ્યયનનું બીજું નામ 'ષડ્જીવનિકાય' છે. નિકાય એટલે સમૂહ. એટલે 'છ પ્રકારના જીવવર્ગો' એવો એનો અર્થ થશે. જીવના સ્વરૂપનું જ્ઞાન હોય તો જ 'શું કરવાનું છે' અને 'શા માટે કરવાનું છે' તે વસ્તુનું જ્ઞાન થઈ શકે. તેથી આચારાંગ [illegible] ૧-૩-૩ માં જણાવ્યું છે કે, આ અધ્યયનની [illegible] [illegible] [illegible] (૧) 'જીવાજી[illegible]

1. [illegible]

નિગમ' એટલે કે જીવ અને અજીવ તત્ત્વોની સમજ, (૨) 'આચાર' [કારણ કે આમાં જીવના સ્વરૂપ ઉપરથી પ્રાપ્ત થતો આચાર પણ વર્ણવ્યો છે] (૩) 'ધર્મપ્રજ્ઞપ્તિ' એટલે કે યથાવસ્થિત ધર્મનો ઉપદેશ, (૪) 'ચારિત્રધર્મ' (૫) 'ચરણ' અને (૬) 'ધર્મ'.

[illegible] [illegible] [illegible] વગેરે ગાથાઓમાં જીવના અનિત્યત્વ અને લક્ષણ વગેરેની ચર્ચા ચલાવી છે, તે મોટેભાગે છે, તથા જૈનધર્મના [illegible] ૧૩૫ શું છે. તે જાણવાને ઉપયોગી છે. [illegible] ઉપરની હરિભદ્રસ્વામીની ટીકા પણ જોવા જેવી છે. એ બધી ગાથાઓ અને ચર્ચાના વિસ્તાર માટે હરિભદ્રસૂરિકૃત 'ષડ્દર્શન સમુચ્ચય'માંના 'જૈનદર્શન પ્રકરણ'નો પં. બેચરદાસકૃત અનુવાદ પા ૫ [illegible] જુઓ.

૫

ભિક્ષાચર્યા

ભિક્ષાકાળ પ્રાપ્ત થાય, એટલે આકુળ થયા વિના તથા આસક્તિરહિત-પણે નીચેના ક્રમે અન્નપાન શોધવા નીકળવું. [૧]

સમય

જે ગામમાં જે ઉચિત ભિક્ષાકાળ હોય, તે કાળે ભિક્ષા માગવા નીકળવું; અને સ્વાધ્યાયાદિના કાળમાં વિક્ષેપ ન પડે તેવી રીતે યોગ્ય સમયે પાછા ફરી જવું. અકાળનો ત્યાગ કરી, યોગ્ય કાળે યોગ્ય ક્રિયા કરવી. [૨-૪]* વખત વિચાર્યા વિના અકાળે ભિક્ષા

* [illegible]

માગવા જાય, તો બહુ રખડવું પડે, પેટ પૂરતું ભિક્ષાન્ન ન મળે વગેરે કારણે પોતાને ત્રાસ થાય, એટલું જ નહીં પણ ગામના લોકો ઉપર પણ દ્વેષભાવ ઊપજે [૨-૫] માટે ભિક્ષાનો વખત હોય ત્યારે જ પુરુષપ્રયત્ન કરી ભિક્ષા માટે નીકળવું. તેમ છતાં પૂરતો આહાર ન મળે, તો પછી શોક ન કરવો, પણ તે વસ્તુને તપ સમાન ગણી સહન કરી લેવી. [૨-૬]

નીકળતાં પહેલાં

મળમૂત્રાદિથી પરવારીને જ ભિક્ષુએ ભિક્ષા માટે નીકળવું, જેથી તેમનો વેગ ધારણ કરી રાખવાનો પ્રસંગ ન આવે. તેમ છતાં પણ જો મળમૂત્રની હાજત થાય, તો તેને રોકવી નહીં, પણ યોગ્ય સ્થાન જોઈ, તે [illegible] રજા લઈ, જીવજંતુ વિના [illegible] પૂરી કરવી. ૧૯

[illegible]

[illegible] ભિક્ષા [illegible] નીકળેલા [illegible] તથા [illegible] અને [illegible] પોતાના [illegible] જેટલી [illegible] તથા [illegible] પાણી, માટી વગેરે [illegible] નહીં તે

[illegible]

રીતે ચાલવું. ખાડા, (ઊંચીનીચી) વિષમ જગા, ઠૂંઠું, કાદવ વગેરે સ્થળોનો તેણે ત્યાગ કરવો; તથા પાણી વગેરેમાં થઈને જવા પથ્થર, લાકડું વગેરે ગોઠવી રાખ્યાં હોય તેના ઉપર થઈને ન જવું, કારણ કે ત્યાંથી ખસી પડે કે ગબડી પડે તો ત્યાં જે સ્થાવર કે જંગમ જીવો હોય તેમની હિંસા થાય. માટે બીજો માર્ગ લાંબો હોય તો પણ લાંબે રસ્તે જ કાળજીપૂર્વક જવું. પગ ઉપર સજીવ ધૂળ ચોટી હોય, ત્યારે અંગાર, રાખ, ફોતરાં, કે છાણ વગેરેના ઢગલાને ઓળંગીને ન જવું. વરસાદ વરસતો હોય, ધુમસ પડતું હોય, વંટોળ વાતો હોય, કે જીવજંતુ આમતેમ ઊડતા હોય, ત્યારે પણ તેમાં થઈને ન જવું. [૧-૮]

વેશ્યાના ઘર આગળ થઈને ફરી ન જવું; કારણ કે બ્રહ્મચર્યનિષ્ઠ બ્રહ્મચારીને પણ ત્યાં સ્ખલન થઈ જાય છે. તેવાં સ્થાનો પાસે વારંવાર જનારને સંસર્ગવશાત્ પોતે લીધેલાં તમામ વ્રતોનો[1] ભંગ

[illegible]

થવાની સ્થિતિ ઊભી થાય છે, તથા અંતે તેને પોતાના સાધુપણા ઉપર જ સંશય ઊપજે છે. આમ વેશ્યાદિના ઘર પાસે થઈને આવજા કરતાં દુર્ગતિ વધારનારા દોષોનો સંભવ જોઈને, મુમુક્ષુએ તેવાં સ્થાનોનો ત્યાગ કરવો. [૯-૧૧]

તે જ પ્રમાણે કૂતરો, તરતની વિયાયેલી ગાય, વકરેલો આખલો, ઘોડો (કે હાથી), બાળકોનું ક્રીડાંગણ, તેમ જ કલહ કે યુદ્ધ થતા હોય તેવું સ્થાન – એ બધાને પણ દૂરથી ત્યાગવા. તે જ પ્રમાણે રાજા, મુખી કોટવાળ વગેરેના છૂપી મંત્રણા વગેરેનાં સ્થાનોને પણ દૂરથી ત્યાગવા [૧૨,૧૬]

ચાલતા ચાલતાં ગૃહસ્થોના ઘરનાં બારી-બારણાં, જમીનમાં નવાં દીધેલ ઢીંગલા, કે ચણી લીધેલાં બાકાં, તથા પાણિયારા વગેરે તરફ નજર કરતા કરતા ન જવું [૧૫]

ગરીબને ઘેર જતો હોય કે તવંગરને ઘેર, પણ ભિક્ષુ ઉતાવળો ઉતાવળો ન જાય, બોલતો બોલતો ન જાય, હસતો હસતો ન જાય, બહુ ટટ્ટાર થઈને ન જાય, કે બહુ નીચા નમીને ન જાય; પરંતુ બહુ ખુશી દર્શાવ્યા વિના, કે શોકાદિથી આકુળ થયા વિના, ઇંદ્રિયોને પોતપોતાના વિષયોની આસક્તિમાંથી દમતો દમતો જાય [૧૩-૪]

કયે ઘેર ન જાય

નિષિદ્ધ[1] કુલોમાં ભિક્ષા માટે ન જા
ઘેર કોઈએ ભિક્ષા માટે ન આવવું',
ગૃહસ્થે મનાઈ કરી હોય, તેને ઘેર ન જા
જવાથી જેને અપ્રીતિ થતી હોય, તેને ત્ય
પરંતુ જેને ત્યાં જવાથી ઘરધણી ખુશી
હોય, તેને ત્યાં જાય. [૧૭] જ્યાં બારણું
હોય, જ્યાં બહુ અંધારું હોય, તથા
જેવું હોય, ત્યાં પણ ન જાય; કારણ કે
કામ કરી શકે નહીં, અને જીવજંતુ નજ
[૨૦] વળી જ્યાં બારણામાં પુષ્પો,
વેરાયેલાં પડ્યાં હોય, તથા જ્યાં આંગ
નવું લીંપણ કીધું હોય, ત્યાં પણ ન
ભિક્ષુએ જ્યાં શુદ્ધ ભિક્ષા મળી શકે તે

જવું, અને ગરીબ ઘરો છોડીને મોટાં ઘરો તરફ જવાની દાનત ન રાખવી. [૨-૨૫

કેવી રીતે જવું

ભિક્ષા માગવા જતી વખતે કોઈને ત્યાં, ઘર આગળ, ઉપર થઈને જવા માટે છૂટું લાકડું, શિલા કે ઇંટાળો છૂટો મૂકેલો દેખાય, કે કાંઈ ખાડો કે પોલાણ દેખાય, તો તેના ઉપર થઈને ન જવું. [૬૫-૬]

વળી, ઘરમાં ભિક્ષુને જવાની જે હદ હોય તે વટાવીને બહુ અંદર સુધી ન ચાલ્યા જવું; પરંતુ દરેક ઘરની હદ જોઈ-વિચારીને તેટલી હદ સુધી જ જવું. તે હદમાં પણ જ્યાં ઊભા રહેવાથી નાહવાની જગા કે બાજરૂની જગા સુધી નજર પહોંચતી હોય ત્યાં ન ઊભા રહેવું, પણ યોગ્ય જગા જોઈ-તપાસીને પાણી વગેરેનો રસ્તો, તથા બીજ, હરિયાળી વગેરે સજીવ વસ્તુઓ કચરાય નહિ તે રીતે ઊભા રહેવું. ૨૪-૬

ઊભા રહેતી વખતે પણ ઘરના આગળાને, પરિઘને કે બારણાને અડકીને ન ઊભા રહેવું. ૭-૬.

ઘરના બારણામાં કાંઈ પડદો કે વસ્ત્ર ટાંગેલું હોય કે કમાડ બંધ કરેલું હોય, તો એકદમ ઉઘાડવું નહિ પરંતુ વિધિપૂર્વક 'ધર્મલાભ' વગેરે બોલી

પોતાની હાજરી જાહેર કરી, ઘરધણીની પરવાનગી મેળવીને તેમ કરવું. [૧૮]

બારણામાં ઘેટો, કૂતરો, વાછરો કે કોઈ બાળક હોય તો તેને ઓળંગીને કે ખસેડીને અંદર ન જવું. [૨૨]

સ્ત્રી વગેરેની આંખ સાથે આંખ મેળવવી નહિ; ઘરમાં અંદર સુધી નજર નાખવી નહિ; ઘરની વસ્તુઓ તરફ ફાટેલી આંખે જોવું નહિ; તથા કોઈ ઘરમાથી કાંઈ પણ આહાર મળે નહિ તો બબડના બબડતા નીકળવું નહિ. [૨૩]

ત્યાં આગળ બીજાં પણ જે નાનાંમોટાં પ્રાણીઓ આહાર માટે આવ્યાં હોય, તેમના તરફ સીધા ધસી જઈને તેમને ત્રાસ ન આપવો. પણ તેમને ત્રાસ ન થાય તે રીતે પ્રયત્નપૂર્વક જવું. [૨-૭]

વળી ત્યાં બીજા જે કોઈ શ્રમણો, બ્રાહ્મણો, કૃપણો કે દરિદ્રો અન્નપાન માગવા માટે ઊભા હોય, તેમને ઓળંગીને અંદર ન જવું. તેમજ દાતાની નજરે પડતા રહેવાય એવી રીતે પણ ન ઊભા રહેવું. પરંતુ પેલા લોકોને ભિક્ષા આપી દેવામાં આવે, કે તેમને ના કહેવામાં આવે અને તેઓ ચાલ્યા જાય, ત્યાં સુધી એકાંતમાં જઈને ઊભા રહેવું; અને ત્યાર બાદ જ અંદર જવું. નહિ તો પેલા બધા

શ્રમણાદિને કે અન્ન આપનારને અપ્રીતિ થાય; અને પોતાના ધર્મની હલકાઈ દેખાય. [૨,૧૦-૩]

કયા દાતા પાસેથી ન લે

ભિક્ષા આપવા આવનારી સ્ત્રી અન્નપાન ઢોળતી ઢોળતી આવતી હોય, કે બીજ, હરિયાળી વગેરે સજીવ વસ્તુઓને અસંયમીપણે કચરતી કચરતી આવતી હોય, તો તેની પાસેથી અન્નપાન ન લેવું. [૨૮-૯

એક વાસણમાંથી બીજા વાસણમાં નાખીને આપે, કે અગ્નિ વગેરે સચિત્ત વસ્તુઓ સંકોરીને કે ખોરીને આપે, કે પાણી હલાવીને આપે (અથવા આંગણામાં વર્ષાકાળે ભેગા થયેલા પાણીમાં ઝીતરીને — તેને ડખોળીને આપે), તો તેને કહી દેવું કે એ અન્નપાન મારે નહિ ખપે [૩૦-૧]

હાથ, ચમચો કે વાસણ ધોઈને આપે, તો પણ ના પાડવી; તેમજ ભીંજાયેલે હાથે, ભીના હાથે, ધૂળવાળા હાથે, કાદવવાળા હાથે, કે ઊસ, હડતાલ, હિંગળોક, મનઃશિલા, અંજન, લવણ, ગેરુ, પીળી માટી, ધોળી માટી, ફટકડી, લોટ, કુશકા કે છૂંદા અથવા ચટણીવાળા હાથે આપે તો પણ ના પાડવી. આપનારનો હાથ, ચમચો કે વાસણ ચોખ્ખાં હોય, પણ સાધુને અન્ન આપવાથી ધોવાં પડે તેવાં હોય

તેમ હોય, તો તે અન્ન પણ નહિ લેવું. પરંતુ જે અન્ન આપવાનું છે તેના વડે જ હાથ વગેરે ખરડાયેલાં હોય, અને તે હાથ વગેરે સાધુને અન્ન આપવા માત્રથી તરત ધોવાં પડે તેમ ન હોય[1] તો તે અન્નપાન લેવું. [૩૨-૬]

બે જણ જમવા બેઠાં હોય, તેમાંનું એક જ ભિક્ષા આપવા બોલાવે, તો બીજાનો અભિપ્રાય જાણ્યા પહેલાં તે અન્ન ન લે. પરંતુ બંને જણનો અભિપ્રાય ભિક્ષા આપવાનો જ હોય, અને ભિક્ષાન્ન પણ દોષરહિત હોય તો લે. [૩૭-૮]

ગર્ભિણી સ્ત્રી માટે તૈયાર કરેલી વસ્તુઓમાંથી, જ્યાં સુધી તે ખાઈ ન લે ત્યાં સુધી કાંઈ ન લેવું; પણ તે ખાઈ લે ત્યાર પછી વધ્યું હોય તો લેવું.

છેલ્લા મહિનાવાળી ગર્ભવતી સ્ત્રીને ભિક્ષા આપવાને નિમિત્તે બેસવું પડે કે ઊઠવું પડે તેમ હોય, તો તેને હાથે ન લેવું. બાળકને ધવરાવતી

[1] [illegible]

અને સાધુ એમ બંને માટે ભેગું રાંધેલું હોય, તે ન લેવું. [૫૫]

સાધુએ પ્રથમથી જ અન્ન વિષે પૂછી લેવું કે આ કોને માટે કે કોણે તૈયાર કરેલું છે. સાંભળીને નિઃસંશય શુદ્ધ લાગે તો લેવું. [૫૬]

સ્ત્રી બાળકને રડતું મૂકીને ભિક્ષા આપવા ઊઠે, તો તે અન્નપાન પણ ન લેવું. [૩૯-૪૩]

શું શું ન લે

સાધુએ પોતાને ખપતું અન્નપાન જ લેવું. જેની બાબતમાં શંકા હોય તે ન લેવું. [૨૭-૪૪]

પાણીના ઘડા વડે ઢાંકેલું હોય, (પથ્થરની ચપટી) શિલા વડે ઢાંકેલું હોય, કે માટી વગેરેનો લેપ કરી બંધ કરી દીધું હોય, તેવું અન્નપાન, ઉપરની ચીજો ઉઘાડી-ઉખાડીને આપવા માંડે તો ન લેવું. [૪૫-૬

જે ખાનપાન દાન માટે તૈયાર કર્યું હોય, પુણ્યને માટે તૈયાર કર્યું હોય, કે દીન-દરિદ્રી માટે તૈયાર કર્યું હોય, કે શ્રમણસાધુ માટે તૈયાર કર્યું હોય, તે અન્નપાનને તેવું જાણવા છતાં, આપે તો પણ ન લેવું. ૪૭-૫૪

વળી જે અન્ન સાધુને ઉદ્દેશીને જ તૈયાર કર્યું હોય, ખરીદી આણ્યું હોય, તેવાં અંશોના મિશ્રણવાળું હોય, સાધુને ઉતારે જ બહારથી આણીને ભેટ કરેલું હોય, ગૃહસ્થને પોતાને માટે તૈયાર થતું હોય તેમાં સાધુને આવ્યા જાણી ઉમેરેલું હોય, ઉછીનું આણ્યું હોય, કે મૂળથી જ ગૃહસ્થ

અને સાધુ એમ બંને માટે ભેગું રાંધેલું હોય, તે ન લેવું. [૫૫]

સાધુએ પ્રથમથી જ અન્ન વિષે પૂછી લેવું કે આ કોને માટે કે કોણે તૈયાર કરેલું છે. સાંભળીને નિઃસંશય શુદ્ધ લાગે તો લેવું. [૫૬]

જે અન્નપાન પુષ્પો, બીજો કે હરિયાળી સાથે ભેળસેળ થયેલું હોય, જે અન્નપાન પાણી ઉપર કે કીડિયારા ઉપર મૂકેલું હોય, કે અગ્નિ ઉપરથી અગ્નિને ઓરીને, સંકોરીને, ઓછો કરીને, વધારીને, ખૂબ સળગાવીને, કે હોલવી નાખીને આપવામાં આવતું હોય, તે સાધુએ ન લેવું. વળી જે અન્નપાન ઊભરાતું હોવાથી બીજા વાસણમાં કાઢી લઈને, કે તેમાં પાણી વગેરે છાંટીને, કે ચૂલા ઉપરના પાત્ર વડે જ કે તેમાંથી બીજા પાત્રમાં કાઢીને, કે તે પાત્રને નીચે ઉતારીને આપવામાં આવતું હોય, તેને પણ સાધુએ ન લેવું. [૫૭-૬૪]

જે અન્નપાન માળ ઉપર મૂકેલું હોય, અને સાધુને આપવા માટે નિસરણી, બાજઠ, પાટિયું કે માંચો ગોઠવીને કે ખીલા ઉપર ચઢીને ઉતારવું પડે તેવું હોય, તે અન્નપાન પણ સાધુએ ન લેવું. કારણ કે ચડનાર જો સરકે તો નીચે પડે અને હાથપગ

વગેરે, જેમાં ખાવાનું થોડું હોય અને નાખી દેવાનું વધારે હોય, તે પણ ન લેવું. [૭૦-૪]

કમળકંદ, ભોંયકોળું, ધોળા–નીલા કમળના દંડ, કમલતંતુ, સરસવના ડાંડલા, એ બધાં સજીવ હોય ત્યાં સુધી ન લેવાં. વૃક્ષ, તૃણ કે હરિયાળીની કૂમળી કુંપળો પણ સજીવ[1] હોય ત્યાં સુધી ન લેવી. મગ વગેરેની ફળી પણ કાચી કે એક વાર શેકેલી હોવાથી સજીવ હોય તો ન લેવી. બાફીને નિર્જીવ ન કરેલ બોર, વાંસકારેલું કે શીવણ (શ્રીપર્ણી) ફળ ન લેવાં. તલપાપડી કે લીમડાનું ફળ પણ સજીવ હોય ત્યાં સુધી ન લેવું. ચોખાનો લોટ, તલનો લોટ, તથા સરસવનો ખોળ સજીવ હોય ત્યાં સુધી ન લેવો. કોઠું, બિજોરું, મૂળો, કે મૂળાની કાતરી સજીવ હોય ત્યાં સુધી ન લેવી. તેમજ બોર વગેરેનાં ચૂર્ણ, જવ વગેરે બીજોનાં ફળ, બહેડાં, રાયણાં વગેરે સજીવ હોય ત્યાં સુધી ન લેવાં. [૨.૧૯-૨૪]

તે જ પ્રમાણે આકુંનરમું પાણી જેમકે: ગોળ વગેરેના વાસણ ધોયેલું પાણી, કણકનું પાણી, કે ચોખાનું ધોવણ વગેરે તાજું–સજીવ હોય ત્યાં સુધી ન લેવું.

[1] [illegible]

ભાગે કે ત્યાં આગળના પૃથ્વીકાયાદિ જીવોને તથા બીજા ત્રસ જીવજંતુને કચરે. [૬૫-૯]

નીલકમળ, અરવિંદ, કુમુદ, મોગરો કે અન્ય સજીવ પુષ્પ ચૂંટીને આપે; કે ચૂંટેલા પુષ્પને મસળીને આપે, તો તે પણ ન લેવું. [૨,૧૪-૭]

કંદ, મૂળ, ફળ, કાચા કે કાપેલાં પાંદડાંનું શાક, તુંબડુ[1] અને આદુ એ સજીવ હોય તો ન લેવાં. બજારમાં ઘણા દિવસ વેચવા માટે ખુલ્લું રહેવાથી ધૂળ વગેરેથી વ્યાપ્ત થયેલું એવું બધું, જેમકે સાથવાનો લોટ, બોરનો લોટ, તલસાંકળી (શષ્કુલી), ગોળની રાબ, પૂડા, મોદક વગેરે વસ્તુઓ પણ કોઈ આપે તો ન લેવી. વળી બહુ હાડકાંવાળું માંસ, બહુ કાંટાવાળી માછલી,[2] પનસ, ટિંબરવા, બીલાં, શેરડીના બડવા, કડોળની શીંગો

[1] [illegible]

[2] [illegible]

વગેરે, જેમાં ખાવાનું થોડું હોય અને નાખી દેવાનું વધારે હોય, તે પણ ન લેવું. [૭૦-૪]

કમળકંદ, સોંયકોળું, ધોળા–નીલા કમળના કંદ, કમલતંતુ, સરસવના ડાંડલા, એ બધાં સજીવ હોય ત્યાં સુધી ન લેવાં. વૃક્ષ, તૃણ કે હરિયાળીની કૂમળી કૂંપળો પણ સજીવ[1] હોય ત્યાં સુધી ન લેવી. મગ વગેરેની ફળી પણ કાચી કે એક વાર શેકેલી હોવાથી સજીવ હોય તો ન લેવી. બાફીને નિર્જીવ ન કરેલ બોર, વાંસકારેલું કે શીવણ (થીપર્ણી) ફળ ન લેવાં. તલપાપડી કે લીમડાનું ફળ પણ સજીવ હોય ત્યાં સુધી ન લેવું. ચોખાનો લોટ, નતનો લોટ, તથા સરસવનો ખોળ સજીવ હોય ત્યાં સુધી ન લેવો. કોઠું, બિજોરું, મૂળો, કે મૂળાની કાતરી સજીવ હોય ત્યાં સુધી ન લેવી. તેમજ બોર વગેરેનાં ચૂર્ણ, જવ વગેરે બીજોનાં ચૂર્ણ, બહેડાં, પ્રિયાળાં વગેરે સજીવ હોય ત્યાં સુધી ન લેવાં. [૫,૧૮-૨૪]

તે જ પ્રમાણે આકુંનરમું પાણી જેમકે: ગોળ વગેરેના વાસણ ધોયેલું પાણી, કણકનું પાણી, કે ચોખાનું ધોવણ વગેરે તાજું–અજીવ હોય ત્યાં સુધી ન લેવું.

1 [illegible]

પણ જોવાથી, જાણવાથી, ચાખીને, પૂછીને, કે સાંભળીને એમ ખાતરી થાય કે, આ લાંબા વખતનું ધોયેલું હોવાથી નિર્જીવ થયેલું છે, ત્યારે તેને લેવું. તે પણ બહુ ખાટું થયેલું, સડી ગયેલું કે તરસ છિપાવવાને યોગ્ય રહ્યું ન હોય તો ન લેવું. અજાણતાં લેવાઈ જાય તો પણ તેને પીવું નહિ કે બીજાને આપવુ નહિ; પરંતુ એકાંત નિર્જીવ સ્થળમાં જઈને તેને નાખી આવવું. ઊનું પાણી હોય, તો પણ ત્રણ ઊભરા આવી નિર્જીવ થયેલું ન હોય તો ન લેવુ. ૭૫-૮૧,૨-૨૨

પ્રસંગવશાત્ અહીં કેફી પીણાંનો નિષેધ વર્ણવવામા આવે છે પોતાના યશનું સંરક્ષણ કરવા ઇચ્છનારા ભિક્ષુએ સુરા, મેરય વગેરે માદક રસો ન પીવા. કારણ કે કેવલી ભગવાને તેમનો પ્રતિષેધ કર્યો છે.[1] 'કોઈ મને જોતું નથી' એમ વિચારી ચોરી-છૂપીથી જે ભિક્ષુ મદ્ય વગેરે પીએ છે, તેના દોષો હું કહું છું તે સાંભળો. તેનુ વ્યસન દિવસોદિવસ વધતું જાય છે; તે જ પ્રમાણે તેનુ છળકપટ અને જૂઠાણું પણ વધતું જાય છે, તેની અપકીર્તિ થાય છે. તેને

નિર્વાણ-શાંતિ પ્રાપ્ત થતી નથી; અને વેશમાં સાધુપણું હોવા છતાં વસ્તુતાએ તેનું અસાધુપણું જ વધે છે. ચોરની પેઠે પોતાનાં દુષ્કર્મથી હંમેશાં ઉદ્વિગ્ન રહેતો તે દુષ્ટ બુદ્ધિવાળો ભિક્ષુ, મરણાંતે પણ ચારિત્રને આરાધી શકતો નથી; કે આચાર્યો અને સાધુઓની સેવા કરી શકતો નથી. ગૃહસ્થો પણ તેનું દુષ્ટ શીલ જાણી તેનો તિરસ્કાર કરે છે. એ પ્રમાણે દુર્ગુણો આચરનારો અને સદ્ગુણોનો ત્યાગ કરનારો તે દુષ્ટ ચિત્તવાળો ભિક્ષુ મરણ પર્યંત તેવો જ રહે છે. [૨,૩૯-૪૧]

આમ કરવાને બદલે જે બુદ્ધિશાળી ભિક્ષુ મદ્ય વગેરે માદક પીણાં તેમજ ઘી વગેરે માદક પદાર્થોનો ત્યાગ કરી, અભિમાનરહિતપણે તપ આચરે છે, તેના અનેક સાધુપુરુષોથી પ્રશંસિત, વિપુલ તેમજ મોક્ષ-રૂપી અર્થવાળા કલ્યાણનું હું વર્ણન કરું છું તે તમે સાંભળો: તે સાધુ ગુણોની ઇચ્છા કરે છે, દુર્ગુણોનો ત્યાગ કરે છે, અને આચાર્યો તથા સાધુઓની આરાધના કરે છે. ગૃહસ્થો તેને ઉત્તમ જાણી પૂજે છે તથા મરણકાળે પણ તે ચારિત્રની જ આરાધના કરતો હોય છે. [૨,૪૨-૫

જે ભિક્ષુ પોતે તપસ્વી ન હોવા છતાં તેવો દેખાવ કરે, વિદ્વાન ન હોવા છતાં તેવો

દેખાવ કરે ઉત્ત [illegible] જનરેગ ન હોય [illegible]
તેવો દેખાવ કરે [illegible] હોય [illegible]
[illegible] પોતે ન જાણતો
[illegible] ક્રોધ પછી
[illegible]

[illegible]

આચ્છાદિત જગા નિર્જીવ હોય તો માલિકની રજા મેળવી રજોહરણ વડે સાફ કરવી. પછી હાથ સાફ કરી, સંયમપૂર્વક ખાવું. ખાતાં ખાતાં હાડકું, કાંટો (માછલીનો), તૃણ, લાકડું કે કાંકરો આવી જાય તો તેને હાથ વડે કે મોં વડે ગમે ત્યાં ન ફેંકવું, પરંતુ તેને હાથમાં લઈ, કોઈ એકાંત નિર્જીવ જગા જોઈ, ત્યાં સાવધાનીથી નાખી આવવું. [૮૨-૬]

પરંતુ, પોતાને ઉતારે જઈને જ ખાવું હોય, તો અન્નપાન લઈને ઉતારે આવવું; અને બહાર કોઈ નિર્જીવ સ્થાન જોઈ-તપાસી, ત્યાં ઊભા રહી ભોજન તપાસી લેવું. પછી વિનયપૂર્વક અંદર પ્રવેશ કરી, રસ્તે જતા આવતાં તેમજ અન્નપાન લાવવામાં દોષ થયા હોય તે યાદ કરી ગુરુ સમક્ષ તેની કબૂલાત કરી લેવી. પછી સરળ બુદ્ધિથી તેમજ અનુદ્વિગ્નપણે શું શું અન્નપાન કેવી રીતે મેળવ્યું તે ગુરુ આગળ નિવેદિત કરવું. પછી જે કાંઈ દોષો અજાણતાં થઈ ગયા હોય તે બદલ ક્ષમા વગેરે માગી લેવાં.

પછી ભિક્ષુએ સ્થિર તથા એકાગ્ર થઈને ચિંતવવું કે, તીર્થંકર જિનોએ મોક્ષની સાધનાને અંગે દેહ ધારણ કરવા માટે સાધુને કેવી નિષ્પાપ આજીવિકા ઉપદેશી છે! પછી અર્હંતાદિને નમસ્કાર

કરી, એ વિધિ પૂરો કરી, જિનોની સ્તુતિ કરવી તથા સ્વાધ્યાય કરવો; અને પછી થોડી વાર વિશ્રાંતિ લેવી. વિશ્રાંતિ લેતાં લેતાં લાભની ઇચ્છાથી નીચે પ્રમાણે હિતકર ચિંતન કરવું કે, 'બીજા સાધુઓ મેં માગી આણેલા અન્નમાંથી જો કૃપા કરીને કાંઈક ગ્રહણ કરે, તો હું તરી જાઉં!' પછી યોગ્ય વખત થાય એટલે આચાર્યને આહાર લેવા વિનવવા. તે લે તો ઠીક છે; ન લે તો તેમની આજ્ઞાથી વડીલપણાના ક્રમથી અન્ય સાધુઓને સમાહિત ચિત્તે વિનંતિ કરવી. અને તેઓમાંનો જે કોઈ સ્વીકાર કરે તેની સાથે આહાર કરવો. કોઈ ન સ્વીકારે તો પછી એકલા જ ખાવા બેસવું. ૮૨-૯૬

સારું અન્નપાન મળ્યું હોય, તો આચાર્ય વગેરે જોઈને માગી ન લે તે માટે તેને છુપાવવું નહિ. જે ભિક્ષુ તે રીતે પોતાના ગુરુને છેતરે છે, તેને બહુ પાપ લાગે છે ને હમેશાં અતૃપ્ત રહે છે અને નિર્વાણ પામતો નથી. કેટલાક કીર્તિના ભૂખ્યા ભિક્ષુઓ એવું કરે છે કે, મસાલેદાર, મજેની સારી સ્વાદુ વસ્તુઓ રસ્તામાં જ ખાઈ લે છે અને પછી વિવર્ણ તથા વિરસ આહાર લઈને ઉપાશ્રયે આવે છે, જેથી બીજા શ્રમણો એમ માને કે 'આ મુનિ તો ભારે આત્માર્થી છે, તથા લૂખાસૂકા અન્નથી જ

સંતોષ માનનારો છે! આ પ્રમાણે પોતાની પ્રશંસા, સન્માન અને પૂજા થાય તે માટે તેઓ છેતરપિંડી આચરે છે, અને એમ કરીને બહુ પાપ બાંધે છે. [૨,૩૧-૫]

[હવે મૂળ વાત ઉપર આવીએ.] બીજાઓને બતાવ્યા છતાં કોઈ સાધુ પોતાના આહારમાં ભાગ લેવા કબૂલ ન થાય, તો પછી ભિક્ષુએ એકલા જ ઉઘાડા મોંવાળા વાસણમાં સાવધાનતાપૂર્વક કશું વેરાય નહિ તે રીતે ખાવું. પોતાને ભિક્ષામાં કડવું, તીખું, ખાટું, ખારું, ગળ્યું, તૂરું જે કાંઈ મળ્યું હોય, તેને મોક્ષસાધનામાં ઉપયોગી એવા દેહને ટકાવવા પૂરતું ગણી, મધ કે ઘી જેવું (સ્વાદિષ્ટ) માનીને ખાઈ લેવું. રસયુક્ત હો કે વિરસ હો, મસાલેદાર હો કે મસાલા વિનાનું હો, લૂખું હો કે સ્નિગ્ધ હો, થોડું હો કે વધારે હો, તથા સાથવા બાકળા જેવી હલકી ચીજો હો — પણ ભિક્ષાજીવીએ ભિક્ષામાં મળેલી નિર્દોષ ચીજનો તિરસ્કાર ન કરવો. ભિક્ષા તરીકે (કોઈ જાતની આશા વગર) મફત દાન આપનાર પણ દુર્લભ છે, અને ભિક્ષામાં મફત મળેલી વસ્તુ વડે જ જીવનાર પણ દુર્લભ છે. એ બંને મુક્તિના અધિકારી છે એમ હું કહું છું. [૨-૧૦૦]

આટલું કહ્યા પછી જંબુએ પૂછ્યું કે નામનું બધું

જ અન્ન તળિયાઝાટક ખાઈ લેવું; વાસણમાં જરા પણ છાંડવું નહિ. [૨-૧]

ઉતારે આવીને ખાવાનું શરૂ કર્યા બાદ એમ લાગે કે, તે પૂરતું નથી, તો ક્ષુધાની અનિવૃત્તિ જેવા સબળ કારણે પૂર્વોક્ત વિધિથી ફરી ભિક્ષા માગવા જવું. જો કે, તે વખતે ભિક્ષા માગવાની વેળા વીતી ગઈ હોવી ન જોઈએ. [૨,૨-૩]

ગૃહસ્થના ઘરમાં પુષ્કળ ખાનપાન હોય, અને તે પ્રત્યક્ષ દેખાતું હોય છતાં તે આપવાની ના પાડે, તો તેના ઉપર ગુસ્સે ન થવું માત્ર એટલું જ વિચારવું કે, 'જેવી તેની મરજી' [૨,૨૭-૮]

સ્ત્રી કે પુરુષ, નાનો કે મોટો, અભિવાદનપૂર્વક વંદન કરે ત્યારે તેની પાસે કંઈ ન માગવું. અને માગ્યા છતાં ન આપે, તો 'ફોગટના નમસ્કાર કરે છે!' એવી કઠોર વાણી ન સંભળાવવી કોઈ વંદન ન કરે તેથી ગુસ્સે ન થવું, કે કોઈ વંદન કરે તેથી આનંદિત પણ ન થવું

એ પ્રમાણે ભિક્ષા માગનારનું શ્રમણપણું અખંડિત રહે છે. [૨૯-૩૦

६

મહાચાર

ગામ બહાર ઉદ્યાનમાં ઊતરેલા કોઈ જ્ઞાનવં
સદાયુક્ત, સંયમી, તપસ્વી અને શાસ્ત્રજ્ઞ આચાર્ય
રાજા, રાજાના પ્રધાનો, બ્રાહ્મણો અને ક્ષત્રિયાદિઓએ
ભેગા થઈ, હાથ જોડીને પૂછ્યું કે, આપનો આચાર
વિધિ કેવો છે? તેના જવાબમાં તે ઇંદ્રિયનિગ્રહી,
ધા સર્વજનપ્રાણીના હિતમાં તત્પર આચાર્યે ગૂંચાયા
ના તે બધાને આ પ્રમાણે કહ્યું:

ધર્મરૂપી અર્થની ઇચ્છાવાળા નિર્ગ્રંથ સાધુઓનો
ં કઠોર અને દુષ્કર આચારવિધિ છે. તે હું તમને
સંપૂર્ણ રીતે કહી સંભળાવું છું. મુમુક્ષુને માટે
એવો આચારવિધિ ઘણો કઠણ દર્શાવવામાં

પણ, માલિકને પૂછયા વિના લેતા નથી; એટલું જ નહિ પણ બીજા પાસે લેવરાવતા નથી, અને કોઈ લેતા હોય તેને અનુમતિ પણ આપતા નથી. [૧૩-૪]

૪. મૈથુનને સર્વ પ્રમાદનું મૂલ, અસેવ્ય, અધર્મનું મૂળ કારણ, મહાદોષોનો સમૂહ તથા ઘોર કર્મોના હેતુરૂપ જાણી મુનિઓ તેને સેવતા નથી. તેમજ તેને સર્વ પ્રકારના ચારિત્રને છિન્નભિન્ન કરનારું જાણી તેની નજીક પણ જતા નથી. [૧૫-૬]

૫. જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરની આજ્ઞાનું અનુસરણ કરનારા સાધુઓ સજીવ કે નિર્જીવ મીઠું, તેલ, ઘી, ગોળ[1] જેવી વસ્તુઓનો પણ બીજે દિવસ સુધી સંઘરો રાખતા નથી. કારણ કે, એ પ્રમાણે કરવું એ લોભની શરૂઆત જ છે. તેમ કરનારો સાધુ ગૃહસ્થ જેવો જ છે, ત્યાગી નથી. સાધુઓ વસ્ત્ર, પાત્ર, કંબળ, અને રજોહરણ રાખે છે, તે સંયમ અને લજ્જાના નિવારણ અર્થે જ હોય છે. જ્ઞાતપુત્ર ભગવાને તેવા કારણસર રાખેલી વસ્તુને પરિગ્રહ નથી કહ્યો; પરંતુ આસક્તિ–મમતાને જ પરિગ્રહ કહેલ છે. સાધુપુરુષો તે અનુસાર, ઉચિત હેતુ માટે સમજી, [illegible] [illegible] સામાન્યમાં રાખે છે, પરંતુ તેમાંય તેઓ મમત્વ

1 [illegible]

નથી કરતા. એટલું તો શું, તેઓને પોતાના શરીરમાં પણ મમતા હોતી નથી. [૧૭-૨૧]

૬ સર્વ તીર્થંકરોએ આ હંમેશનું તપકર્મ કેવું વર્ણવી બતાવ્યું છે કે, નિર્વાહ પૂરતું જ[1] દેહનું પાલનપોષણ કરવું, અને દિવસ દરમ્યાન[2] જ ખાઈ લેવું! સ્થાવર તેમજ જંગમ એવા કેટલાય સૂક્ષ્મ જીવો રાત્રે દેખાતા નથી. તે વખતે તેમની હિંસા કર્યા વિના કેવી રીતે ખાઈ શકાય? આ ભોજન સજીવ પાણીવાળું છે કે નહિ, બીજયુક્ત છે કે નહિ અંદર જીવજંતુ પડ્યા છે કે નહિ વગેરે બાબતો દિવસે નીરખી શકાય. પરંતુ રાત્રે તે બધું કેમ કરીને દેખી શકાય? આવા બધા દોષો જોઈને જ મહાવીર ભગવાને કહ્યું છે કે, નિર્ગ્રંથે કોઈ પ્રકારનો આહાર રાત્રે ન કરવો. [૨૨-૫]

૭. સુસમાહિત ચિત્તવાળા સંયમી પુરુષો પૃથ્વીકાયિક જીવોની હિંસા મન-વાણી-કાયાથી જાતે કરતા નથી. બીજા પાસે કરાવતા નથી. કે કોઈ કરતું હોય તેને અનુમતિ પણ આપતા નથી. પૃથ્વીકાય

૧ [illegible]
[illegible]
૨ [illegible]
[illegible]

જીવોની હિંસા કરવાની સાથે સાથે તેને આધારે રહેલા બીજા નજરે ન દેખી શકાય તેવા જીવજંતુની પણ હિંસા થાય છે. માટે એ દોષને દુર્ગતિ વધારનારો જાણી, સાધુ પૃથ્વીકાયની હિંસા યાવજ્જીવ છોડી દે છે. [૨૬-૮]

૮. એવું જ જળકાયિક જીવોની બાબતમાં પણ જાણવું.

૯. તે જ પ્રમાણે સાધુ પુરુષો પાપજનક અગ્નિ સળગાવવાની પણ ઇચ્છા નથી કરતા. કારણ કે અગ્નિ બધા જીવોનો નાશ કરનાર તીક્ષ્ણ શસ્ત્ર છે. વળી તે શસ્ત્ર, ઉપર-નીચે-આસપાસ એમ બધી દિશામાં વિનાશ કરતું હોવાથી સર્વથા અસહ્ય છે. આ પ્રમાણે અગ્નિને ભૂતપ્રાણીઓનો વિનાશક જાણી, સાધુ પુરુષ ટાઢીનું નિવારણ કરવા તેના વડે તાપતા પણ નથી ૩૨-૫

૧૦. તેવું જ વાયુનું પણ છે સાધુ પુરુષો પંખા વડે, પાન વડે, કંબલ વડે કે બીજી કોઈ વસ્તુ વડે પવન નાખવાની કે બીજો કોઈ નાખે એની ઇચ્છા સુધ્ધાં કરતા નથી. [૩૬-૯]

૧૧. સાધુ પુરુષો વનસ્પતિકાયિક જીવોની પણ મન વાણી-કાયાદિથી હિંસા કરતા નથી.[૧] [૪૦-૨]

૧ [illegible]

૧૨. તે જ પ્રમાણે સાધુપુરુષો જંગમ (ત્રસ) જીવોની પણ હિંસા કરતા નથી.[1] [૪૩-૫]

૧૩. ઋષિઓ સ્વીકારવા યોગ્ય આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્રનો જ સ્વીકાર કરે છે; જે સ્વીકારવાને યોગ્ય નથી તેનો ત્યાગ કરે છે. જે ખાનપાનાદિ સાધુઓને નિમંત્રણ કરીને આપ્યાં હોય, તેમને માટે ખરીદીને આણ્યા હોય, તેમને ઉદ્દેશીને તૈયાર કર્યાં હોય, કે તેમની પાસે લાવીને રજૂ કર્યાં હોય, તેમનો તે સ્વીકાર નથી કરતા. કારણ કે તેવી વસ્તુઓનો સ્વીકાર કરનાર, તે નિમિત્તે થતી જીવહિંસાને અનુમતિ જ આપે છે. માટે ધર્મજીવી મહાપુરુષો તેવી વસ્તુઓનો સ્વીકાર નથી કરતા. [૪૬-૯]

૧૪. સાધુપુરુષો ગૃહસ્થનાં વાસણોમાં[2] અન્નપાન નથી ખાતા. તેમ કરનાર આચારથી ભ્રષ્ટ થાય છે. કારણ કે, તે વાસણ [illegible] ધોવાથી ગૃહસ્થ સચિત્ત પાણીથી ધુએ અને [illegible] પછી બહાર નાખે, ત્યારે જીવહિંસા થાય. [illegible] જ્ઞાનીઓએ તેમાં એવો દોષ દીઠો છે. ગૃહસ્થનાં વાસણમાં જમનાર પણ તેમજ

[illegible]

[illegible]

થી (તે વાસણ ધોતાં-કરતાં) થતી હિંસાને કારણે નિર્ગ્રંથો તેમનાં વાસણોમાં જમતા નથી. [૫૦-૨]

૧૫. સાધુપુરુષો ભદ્રાસન, સાંગામાંચી, ઢાલિયા અને ખાટલા વગેરેમાં બેસતા-સૂતા નથી. કારણ કે તે બધી વસ્તુઓ અંધકારના આશ્રયરૂપ હોઈ, ત્યાં જીવજંતુ વગેરે બરાબર જોઈ-તપાસી શકાતાં નથી. [૫૨-૫]

૧૬. સાધુપુરુષ ભિક્ષા માગવા જતી વખતે ગૃહસ્થને ઘેર બેસતા નથી. એ અનાચાર જે આચરે છે, તેના જ્ઞાનનો સત્વર લોપ થવાનો પ્રસંગ આવે છે. ગૃહસ્થની સ્ત્રી સાથે પરિચય વધતાં સાધુનું બ્રહ્મચર્યવ્રત જોખમમાં મુકાય છે; અનુરાગવાળી સ્ત્રી તેને નિમિત્તે ખાસ ખાવાનું બનાવે છે તેથી તેમાં થતી હિંસાનો તે ભાગી થાય છે; એક સાધુ ઉપર પ્રીતિ થવાથી બીજા માગવા આવનારાઓને માટે આપોઆપ તે ઘરનું બારણું બંધ થાય છે; અને ગૃહસ્થને પણ પોતાની સ્ત્રીનું કે સાધુનું આચરણ દેખી શંકા ઉત્પન્ન થાય છે. અથવા તે સાધુનાં ઇંગિત દેખી, ગૃહસ્થની સ્ત્રી તેનો ભાવ સમજી લઈ, કાં તો તેનો તિરસ્કાર કરે છે, અથવા તો તેને વશ થઈ જાય છે. આમ કુશીલની વૃદ્ધિ કરનાર આ સ્થાનનો સંયમીએ ત્યાગ કરવો. અત્યન્ત. અત્યંત

આ પ્રમાણે અમોહદર્શી, તપપરાયણ તથા સંયમ અને આર્જવ યુક્ત સત્પુરુષો પોતાના આત્મા ઉપરથી પૂર્વે કરેલાં કર્મોના લેપો ઉખેડતા જાય છે, તથા નવાં પાપકર્મો આચરતા નથી. સદા ઉપશાંત રહેનારા, મમત્વરહિત, નિષ્કિંચન, આત્મવિદ્યાને અનુસરતા, યશસ્વી તથા શરદ ઋતુના ખિલેલા નિર્મળ ચંદ્ર જેવા તે રક્ષણહાર સત્પુરુષો તે ભવે જ સિદ્ધિને પામે છે, અથવા કાંઈ કર્મ શેષ રહી ગયાં હોય, તો ઉત્તમ દેવલોકોને પામે છે. [૬૭-૮]

આ પ્રમાણે અમોહદર્શી, તપપરાયણ તથા સંયમ અને આર્જવ યુક્ત સત્પુરુષો પોતાના આત્મા ઉપરથી પૂર્વે કરેલાં કર્મોના લેપો ઉખેડતા જાય છે, તથા નવાં પાપકર્મો આચરતા નથી. સદા ઉપશાંત રહેનારા, મમત્વરહિત, નિષ્કિંચન, આત્મવિદ્યાને અનુસરતા, યશસ્વી તથા શરદ ઋતુના ખિલેલા નિર્મળ ચંદ્ર જેવા તે રક્ષણકાર સત્પુરુષો તે ભવે જ સિદ્ધિને પામે છે, અથવા કાંઈ કર્મ શેષ રહી ગયાં હોય, તો ઉત્તમ દેવલોકોને પામે છે. [૬૭-૮]

૭

વાક્યશુદ્ધિ

બુદ્ધિમાન પુરુષે વાણીના ચાર પ્રકાર જાણીને
તેમાંથી બેનો પ્રયોગ કરવો; અને બાકીના બેનો ક[illegible]
પ્રયોગ ન કરવો. તે ચાર પ્રકાર આ પ્રમાણે છે : સત્ય[illegible]
અસત્ય, સત્યાસત્ય, અને ન-સત્ય કે ન-અસત્ય.[1] સાચ[illegible]
હોય, પણ બોલવા જેવી ન હોય,[2] સાચી-જૂઠ[illegible]
એમ મિશ્ર હોય, અસત્ય હોય, કે સાચી યા જૂ[illegible]
ન હોવા છતાં ડાહ્યા પુરુષોએ આચરી ન હોય,

૧ આ ચોથો પ્રકાર વ્યવહારમાં [illegible]

૨ [illegible]

૩ [illegible]

તેવી વાણી ન બોલવી. પહેલા અને ચોથા પ્રકારની વાણી પણ નિર્દોષ હોય, તથા પોતાને ને બીજાને ઉપકારક હોય, તો બોલવી. તે પણ કર્કશપણે નહિ, અને સંદિગ્ધપણે નહિ એવી રીતે બોલવી. સત્ય વાણી પણ સપાપ હોય કે કર્કશ હોય, અથવા બીજી કોઈ રીતે પણ શાશ્વત પદાર્થની સિદ્ધિમાં પ્રતિકૂળ હોય, કે થોડી સાચી તેમજ થોડી જૂઠી તેવી મિશ્ર હોય, તો બુદ્ધિમાન પુરુષે ન બોલવી. [૧-૪]

સમાન સ્વરૂપ હોવાને લીધે અજાણતાં અસત્ય બોલાઈ જાય—જેમકે કોઈ પુરુષે સ્ત્રીવેશ ધારણ કર્યો હોય અને તેની ખબર ન હોવાથી કહે કે, 'આ સ્ત્રી જાય છે' તો પણ જૂઠું બોલ્યાનું પાપ લાગે છે. તો પછી જે જાણીબૂજીને જ જૂઠું બોલે છે, તેની તો વાત જ શી? માટે બુદ્ધિમાન પુરુષે 'જઈશું જ,' 'કહીશું જ' 'આપણું અમુક કામ થશે જ,' 'હું જરૂર કરીશ,' 'એ જરૂર કરશે' એ પ્રકારની ભવિષ્યકાળને લગતી શંકાસ્પદ બાબતો વિષે નિશ્ચયાત્મક વાણી ન બોલવી. તે જ પ્રમાણે વર્તમાનકાળ કે ભૂતકાળને લગતી પણ શંકાસ્પદ બાબત વિષે નિશ્ચયાત્મક ન બોલવું. ભૂત-ભવિષ્ય-કે વર્તમાન એ ત્રણે કાળની બાબતમાં જે વસ્તુ વિષે 'એ આમ જ છે' એવું જાણતા ન હોઈએ, કે

જેને વિષે શંકા હોય, તેને વિષે 'એ આમ જ છે' એમ ન કહેવું. પરંતુ જે બાબતમાં જરા પણ સંશય ન હોય, તે બાબતમાં જ 'એ આમ જ છે,' એમ કહેવું. [૫-૧૦]

મોટા કે વડીલનું દિલ દુખાય એવી કઠોર વાણી સાચી હોય તો પણ ન બોલવી, કારણ કે તેથી પાપબંધન થાય છે. તે પ્રમાણે કાણાને 'કાણો,' નપુંસકને 'નપુસક,' રોગીને 'રોગી,' કે ચોરને 'ચોર,' એમ ન કહેવું બીજા પણ એવા જે પ્રકારથી બીજાને મરવા જેવુ લાગે તે પ્રકારની વાણીનો બુદ્ધિશાળી મનુષ્ય પ્રયોગ ન કરે. તે જ પ્રમાણે 'હોઙ્યા!'[1] 'વર્ણ-સંકર' 'કૂતરા' 'છિનાળ' (વૃષલ), 'કંગાળ!' 'કમનસીબ' એવાં સંબોધન પણ ન વાપરવાં. સ્રીને સંબોધના પણ 'દાદી,'[2] 'મા,' 'મામી,' 'ફોઈ,' 'ભાણેજ, પુત્રી, 'પૌત્રી,' 'હે,' 'ઓ' 'હલે,' 'અને' 'સ્વામિનિ, 'ગોમિનિ'[3] 'હોલી,' 'ગોલી,' 'વૃષલી'

[illegible]

[illegible]

એવાં સંબોધનો ન વાપરવાં, પરંતુ કાં તો તેના નામથી તેને બોલાવવી, કે તેના ગોત્રના નામથી તેને બોલાવવી, કે તેની ઉંમર, દેશ કે ઐશ્વર્યાદિનો ખ્યાલ કરી, જે રીતે ઠીક લાગે તે રીતે તેને બોલાવવી. પુરુષને પણ દાદા, બાપા, કાકા, મામા, ભાણેજ, પુત્ર, પૌત્ર વગેરે સંબોધનોથી ન બોલાવતાં તેના નામથી, ગોત્રથી કે યોગ્ય લાગે તે રીતે બોલાવવો [૧૧-૨૦]

ગાય વગેરે બીજા પંચેંદ્રિય પ્રાણીની બાબતમાં પણ ચોક્કસ ખાતરી ન હોય ત્યાં સુધી 'આ નર છે.' કે 'આ માદા છે' એમ ન કહેવું. પરંતુ સામાન્ય જાતિવાચક શબ્દ વાપરવો. વળી કોઈ મનુષ્ય, પશુ, પક્ષી, અજગર આદિ માટે 'આ અત્યંત માંસલ છે,' 'આ અત્યંત મેદસંપન્ન છે,' 'આ કાપવા લાયક છે,' કે 'આ રાંધવા લાયક છે' એમ ન કહેવું; પરંતુ જરૂર પડે ત્યારે 'આ મોટો થયો છે,' 'આ વધ્યો છે,' 'આ ઉંમરમાં આવ્યો છે,' 'આ જુવાનીમાં આવ્યો છે,' કે 'આ મહાકાય છે' એમ બોલવું. તે જ પ્રમાણે 'આ ગાયો દોહવા લાયક છે,' કે 'આ વાછડા નાથવા લાયક છે,' કે 'આ ધોરી ખેડવા લાયક છે,' એમ ન કહેવું; પરંતુ 'આ બળદ જુવાન છે,' 'આ ગાય દૂઝણી

૧ [illegible]

છે,' 'આ (બળદ કે ઘોડો) નાનો છે,' 'આ મોટો છે', કે 'આ ભાર વહન કરી શકે એવો છે' એમ કહેવું. [૨૧-૫]

તે જ પ્રમાણે ઉદ્યાન, પર્વત કે વનમાં મોટાં વૃક્ષો દેખીને બુદ્ધિમાને એમ ન કહેવું કે, 'આ થાંભલા કરાય તેવાં છે,' 'આ દરવાજાને લાયક છે,' 'આ ઘર બનાવવાને લાયક છે,' 'આ પરિઘ બનાવવાને લાયક છે,' 'આનો આગળો થાય તેવો છે,' 'આ નાવને માટે લાયક છે,' 'આ ઉદકદ્રોણી કામમાં આવે તેવું છે,' 'આ બાજઠ બનાવવાને લાયક છે,' 'આ કથરોટ બનાવવાને લાયક છે,' 'આનું હળ થાય તેવું છે,' 'આનું સમાર[1] થાય તેવું છે,' 'આની લાટ[2] થાય તેવી છે,' 'આની નાભિ[3] થાય તેવી છે,' 'આનું ઠીમચુ[4] થાય તેવું છે,' 'આ આસન બનાવવાના કામમાં આવે તેવું છે,' 'આ પલંગ બનાવવાના કામમાં આવે તેવું છે,' 'આ ગાડું બનાવવાના કામમાં આવે તેવું છે' કે 'આ [illegible] (મકાન વગેરે બનાવવાના)

કામમાં આવે તેવું છે.' કારણકે એવી વાણી વૃક્ષાદિ
જીવોને પીડા કરનારી છે. પરંતુ તેવે સ્થળે બોલવાની
જરૂર પડે તો એમ કહેવું કે, આ વૃક્ષો જાતવાન
છે, આ વૃક્ષો લાંબાં છે, આ વૃક્ષો ગોળાકાર છે, આ
વૃક્ષો વિસ્તારયુક્ત છે, આ વૃક્ષો શાખાયુક્ત છે, આ
વૃક્ષો ડાળીઓવાળાં છે, કે આ વૃક્ષો દર્શનીય છે
[૨૬-૩૨]

તે જ પ્રમાણે ફળ જોઈને એમ ન કહેવું કે, આ
પાકી ગયાં છે, આ પકવીને ખાવા જેવાં છે, આ તૈયાર
થયા છે, આ કુમળાં[1] છે, કે આમની ચીરીઓ કરવા
જેવી છે. પરંતુ જરૂર જ પડે તો એમ કહેવું કે,
આ આંબા નમી ગયા છે,[2] આ આંબા ઉપર ફળ
ઘણાં થયાં છે, આ આંબાનાં ફળને બહુ વખત થ
છે, કે આ આંબા રૂપમાં[3] આવ્યા છે. તે જ પ્રમાણે
ધાન્યમાં પાન વગેરે ઊગ્યું દેખીને એમ ન કહેવું
કે પાકી ગયું છે, કે હવે નીલા રંગનું[4] થયું છે,
હવે કાપવા યોગ્ય થયું છે, કે શેકવા યોગ્ય થયું
કે પોંક પાડવા જેવું થયું છે. પરંતુ જરૂર પડે

[illegible]

એમ કહેવું કે, પાક મોટો (સારો) થયો છે, આ પાકને બહુ વખત થયો છે; આ પાક સ્થિર થયો છે, આ પાક નીવડયો છે;[1] આના દાણા હજી ગર્ભમાં છે. આને ડૂંડા બેઠાં છે, કે આમાં દાણા ભરાયા છે. [૩૨-૫]

તે જ પ્રમાણે ક્યાંય જમણવારના પ્રસંગની વાત હોય તો તેને માટે (પિતૃ-) 'કૃત્ય', (શ્રાદ્ધ-) 'કાર્ય'[2] એવા શબ્દો ન વાપરવા. ચોરને માટે પણ 'વધ્ય' એવો શબ્દ ન વાપરવો. નદીને માટે પણ 'સારા ઉતરાણવાળી' એવો શબ્દ ન વાપરવો. પરંતુ જરૂર જ પડે તો જમણવારને 'જમણવાર'[3] જ કહેવો, ચોરને 'જીવ હોડમાં મૂકનારો' કહેવો. અને નદીને 'મોટે ભાગે સમાન સ્થળોવાળી' કહેવી. [૩૬-૭]

વળી નદીઓ વિષે બોલવાનું હોય તો, 'તે પૂરેપૂરી ભરેલી છે, કે 'તરીને પાર કરાય તેવી છે,'

કે 'નાવથી પાર કરવા જેવી છે,' કે 'કિનારે જાનવરો પાણી પી શકે તેવી છે' એમ ન કહેવું; પરંતુ, જરૂર પડે તો તેઓ 'વધુ પ્રમાણમાં ભરેલી છે,' કે 'ઘણે ભાગે ઊંડી છે,' કે 'બહુ પાણી હોવાથી ઉછળતી ચાલે છે,' કે 'બહુ વિસ્તારવાળી છે' એમ કહેવું. [૩૮-૯]

બીજાની બાબતમાં કાંઈ સદોષ પ્રવૃત્તિ કરેલી જાણી હોય, કરાતી જાણી હોય, કે કરવાની છે એમ જાણ્યું હોય, તો પણ તે બાબતમાં મુનિએ દોષ લાગે તેવું કાંઈ ન બોલવું. [૪૦]

'બહુ સારું કર્યું,' 'બહુ સારું પકાવ્યું,' 'ખૂબ કાપ્યું,' 'ખૂબ લઈ ગયો,' 'તદ્દન મરી ગયો,' 'બરાબર પૂરો થયો,' કે 'અતિ સુંદર' એમ ન બોલવું. પરંતુ કામ પ્રસંગે બોલવાની જરૂર પડે તો, 'પ્રયત્નપૂર્વક કર્યું છે,' 'પ્રયત્નપૂર્વક પકાવ્યું છે,' 'પ્રયત્નપૂર્વક કાપ્યું છે,' 'પ્રયત્નપૂર્વક સુશોભિત કર્યું છે,' કે 'ગાઢો પ્રહાર થયો છે' એમ બોલવું. [૪૧-૨]

'સર્વોત્તમ' 'અમૂલ્ય,' 'અનુપમ,' 'ન વેચાય તેવું,' 'ન કહી શકાય તેવું,' 'ન ગમે તેવું' એવું પણ ન બોલવું. 'હું કહીશ,' કે 'આ બધું કહેજે' એમ પણ ન બોલવું. પરંતુ બધે પ્રસંગે, અસંભવ બોલે [illegible] ન પડે તે રીતે વિચારીને

શબ્દપ્રયોગ કરવો. વેપારની ચીજોની બાબતમાં 'ઠીક ખરીદું,' 'ઠીક વેચ્યુ,' 'ન ખરીદવું,' 'આ લઈલો,' કે 'આને રહેવા દો' એમ ન બોલવું. વેપારની લેવડદેવડની ચીજ બાબત બોલવાનો પ્રસંગ આવે ત્યારે સસ્તી, મોંઘી, ખરીદવા જેવી, વેચવા જેવી વગેરે વસ્તુઓ બાબત નિર્દોષ[1] વાણી બોલવી. [૪૩-૬]

સાધુએ ગૃહસ્થને, 'બેસો', 'આવો', 'કરો,' 'સૂવો,' 'ઊભા રહો', 'જાઓ' એમ ન કહેવું. લોકમા ઘણા અસાધુ પુરુષો સાધુ કહેવાય છે, પરંતુ નિર્ગ્રંથે અસાધુને સાધુ ન કહેવો; સાધુને જ સાધુ કહેવો. એટલે કે, જ્ઞાન અને શ્રદ્ધાયુક્ત તથા સંયમ અને તપમા પરાયણ એવા પ્રયત્નશીલ પુરુષને જ સાધુ કહેવો. [૪૭-૯]

દેવ, મનુષ્ય કે પશુપક્ષીની લડાઈમા 'અમુકનો જય થાઓ,' 'અમુકનો ન થાઓ' એવું ન બોલવું. પવન, વૃષ્ટિ, ટાઢ, ગરમી, ક્ષેમ, સુકાળ, અને નિર્વિઘ્નતા એ ત્રણ. 'ક્યારે થશે,' કે 'ન થાઓ' એમ ન બોલવું. મેઘ, આકાશ કે મનુષ્યની બાબતમાં 'દેવ' શબ્દ ન વાપરવો. વાદળ ચડી આવ્યુ હોય તો 'ઇંદ્રદેવ આવ્યા' એમ ન કહેવું; પરંતુ 'વાદળ

[1] [illegible]

સેવું થયું' એમ કહેવું. તેવી જ રીતે આકાશને પણ અંતરિક્ષ. કે 'ગુહ્યાનુચરિત' (સુરો વડે સેવાયેલું) એમ કહેવું. રિદ્ધિયુક્ત માણસ દેખી તેને રિદ્ધિમાન કહેવો. જે વાણીથી કોઈના દોષનું અનુમોદન થાય તેવી વાણી, કે નિશ્ચયાત્મક વાણી, કે બીજાને પીડા કરનારી વાણી, ક્રોધથી, લોભથી, ભયથી કે હસતાં હસતાં પણ ન કહેવી. [૫૦-૪]

જે મુનિ પોતાની વાણી શુદ્ધ છે કે નહિ તેનો વિચાર કરી, દુષ્ટ વાણીનો પરિત્યાગ કરે છે, તથા પરિમિત અને દોષરહિત એવું વિચારીને બોલે છે, તે સત્પુરુષોમાં પ્રશંસા પામે છે. ભાષાના દોષો અને ગુણોનો બરાબર વિચાર કરી, દુષ્ટ વાણીનો હંમેશાં ત્યાગ કરવો. છયે પ્રકારના જીવવર્ગોની બાબતમાં હંમેશાં આત્મનિગ્રહી રહેનાર સાધુ પરિણામે સુંદર તથા સામાના મનનું રંજન કરે એવી વાણી બોલે. જે મુનિ વિચારીને બોલે છે, જેની ઇંદ્રિયો સુનિગ્રહિત છે, જેણે ક્રોધાદિ વિકારોનો નિરોધ કર્યો છે, તથા જે સર્વત્ર અનાસક્ત છે, તે પૂર્વજન્મમાં કરેલ પાપ ખંખેરી નાખીને આ લોક તથા પરલોકને સુધારે છે, એમ હું કહું છું.[૧] [૫૫-૭]

૧ [illegible]

૮

આચારસંગ્રહ

ગુરુશરણ

આપણું જીવિત અધ્રુવ છે, અને આયુષ્ય પરિમિત છે, માટે જ્યાં સુધી વૃદ્ધાવસ્થાથી પીડિત થવાય નહીં, રોગો વધે નહીં, અને ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ ન હોય, ત્યાં સુધી ભોગોમાંથી નિવૃત્ત થઈ મોક્ષમાર્ગનું જ્ઞાન પ્રાપ્ત કરવું તથા પોતાનું બળ, સામર્થ્ય, શ્રદ્ધા અને આરોગ્ય તપાસી, તથા ક્ષેત્ર અને કાળ જાણી આત્માને ધર્મમાં યોજવો. [૩૪-૬]

આ લોક અને પરલોકમાં હિતકર એવા ધર્મને જાણવા માટે શાસ્ત્રજ્ઞ ગુરુને વિનય અને [illegible]પૂર્વક નમવા, તથા તેમને પદાર્થનિર્ણય પૂછવો. ગુરુની સમક્ષ મુનિએ હાથ, પગ અને શરીર સંયમન કરી, તથા ઇંદ્રિયોનો નિગ્રહ કરી, એકાગ્રતાપૂર્વક બેસવું. તેમને ઠેઠ પડખે ન બેસવું. તેમની ઠેઠ આગળ ન બેસવું, તેમની પી

પાછળ ન બેસવું, કે પગ ઉપર પગ ચડાવીને ન બેસવું. તે કાંઈ કહેતા હોય ત્યારે વગર પૂછયે વચ્ચે ન બોલી ઊઠવું; તેમની પીઠ પાછળ તેમની નિંદા ન કરવી. તેમજ તેમની પાસે માયાવીપણે અસત્ય ન બોલવું. જેનાથી તેમને અપ્રીતિ થાય, કે જેથી તે ગુસ્સે થાય, તેવું પોતાનું જ અહિત સાધનારૂ કાંઈ તેમની સામે ન બોલવું. પરંતુ, પોતે જોયું હોય તેવું, પરિમિત, અસંદિગ્ધ, અને પ્રતિપૂર્ણ, એવું વચન સ્પષ્ટ રીતે, પરિચિત રીતે, તથા વાચાળતા અને ઉદ્વેગ વિના બોલવું. શીખવતી વખતે બોલવામાં ગુરુની[1] કાંઈ ભૂલ થઈ જાય, તો તેથી તેમનો ઉપહાસ ન કરવો. [૪૪-૫૦]

પોતે કાંઈ અનાચાર કર્યો હોય, તો શિષ્યે ગુરુ આગળ તેને છુપાવવો નહિ. શિષ્યે હંમેશાં નિર્મળ ચિત્તવાળા, પ્રગટભાવી, અનાસક્ત, તથા ઇંદ્રિયો

[1] [illegible]

અને પ્રમાદને જીતનારા થવું. જાણતાં કે અજાણતાં પોતાનાથી કાંઈ અપરાધ થઈ જાય, તો આત્માને શીઘ્ર (કબૂલાત, પ્રાયશ્ચિત્તાદિથી) તેમાંથી વારી લઈ, ફરી તેમ ન કરવું. શિષ્યે ગુરુના વચનને કદી વંધ્ય ન થવા દેવું. અર્થાત્ વાણીથી તેનો સ્વીકાર કરી, કાયાથી તેનો અમલ કરવો [૩૧-૩]

આ પ્રમાણે મુમુક્ષુ શિષ્યે ગુણી પુરુષો[1] પ્રત્યે વિનય આચરવો. પોતાનું શીલ નિશ્ચલ રાખવું; અને કાચબાની પેઠે પોતાનાં અંગોનું યથાવત્ સંયમન કરી તપ અને સંયમમાં પરાક્રમી થવું. તેણે નિદ્રાને વશ ન થવું, હાસ-પ્રહાસનો ત્યાગ કરવો, તથા વાર્તાલાપનો[2] છંદ છોડી, સ્વાધ્યાયમાં રત રહેવું. તેણે ઉત્સાહપૂર્વક આળસનો ત્યાગ કરી, મન-વાણી-કાયાના સમગ્ર વ્યાપારોને હંમેશાં શ્રમણધર્મના પાલનમાં યોજવા. એ પ્રમાણે શ્રમણધર્મમાં મગ્ન થઈ રહેનાર ભિક્ષુ સર્વોત્કૃષ્ટ લાભ પ્રાપ્ત કરે છે. [૬૧-૩]

[illegible]

કષાયજય

જૈનશાસ્ત્રનું શ્રવણ કર્યાબાદ તેણે રાગદ્વેષનો ત્યાગ કરવો. તેણે કદી ગુસ્સે ન થઈ જવું કે ઇંદ્રિયોને સુખકારક વિષયોમાં આસક્તિ ન કરવી. શરીરની પણ દયા ખાવાને બદલે તેણે દારુણ અને કર્કશ સ્પર્શો સહન કરવા. ભૂખ, તરસ, ખરબચડી જમીન, ઠંડી, ગરમી, કંટાળો, ભય વગેરે પરિષહોને તેણે અદીનપણે સહન કરવા. કારણ કે દેહદમન મહાફળ આપનાર છે. તેણે કદી બીજાનો તિરસ્કાર ન કરવો, કે પોતાની બડાઈ ન કરવી. પોતાના આત્મજ્ઞાનનો, જાતિનો, કે તપસ્વીપણાનો તેણે ગર્વ ન કરવો. ટૂંકમાં, પોતાનું હિત ઇચ્છનારા મુમુક્ષુએ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે દોષોનો ત્યાગ કરવો. ક્રોધથી પ્રીતિ નાશ પામે છે. માન વિનયનો નાશ કરે છે; માયા (છળકપટ)થી મિત્રતા તૂટી જાય છે, અને લોભ સર્વનો નાશ કરે છે. શાંતિ વડે ક્રોધને હણવો; મૃદુતાથી માનને હણવું; સરળતાથી માયાને જીતવી; અને લોભને સંતોષથી જીતવો. ઉચ્છૃંખલ થયેલા ક્રોધ અને માન, તથા વર્ધિત થયેલાં માયા અને લોભ એ ચારે મલિન વૃત્તિઓ[1] પુનર્જન્મરૂપી વૃક્ષનાં મૂળની સિંચક છે. [૨૫૭,૩૦,૩૬-૪૦]

૧ મૂળ: [illegible]

ભિક્ષાચર્યા

[illegible] ભિક્ષાવૃત્તિથી જ આજીવિકા
[illegible] યોગ નક્ષત્ર [illegible] વગેરેનું શુભાશુભ
[illegible] વશીકરણ કે યોગ બતાવીને
[illegible] ઉપરથી [illegible] પાડીને, વાડી
[illegible] પ્રયોગ કરીને કે વૈદક વગેરે કરીને
[illegible] માં
[illegible] ભિક્ષાવૃત્તિના પણ કેટલાક
[illegible]
ગૃહસ્થને [illegible] કરી
[illegible]
[illegible]
તેમ [illegible] ઘર
ભિક્ષા [illegible] તેને કને ઘણી વાર પડશે કે
થાળી [illegible] આ બધું
હોવું [illegible] જીવતને ન [illegible] તેમ જ પ્રાણ
કરીને જીવતને [illegible] થાય તેવું [illegible] ન
કરવું ને ઉપયોગ [illegible] ગૃહસ્થ [illegible] સ્વામી કરીને
તેમજ બીજા પણ કોઈ પ્રકારે ગૃહસ્થ સાથે કોઈ
જાતનો સંબંધ બાંધવાનો પ્રયત્ન તેણે કદાપિ ન
કરવો. ભિક્ષાની બાબતમાં પણ 'આ સારું છે,'
'આ નઠારું છે,' 'આ [illegible] છે' કે 'આ થોડું
છે, [illegible] વધારે સારું મળ્યું' કે 'ન મળ્યું' એવું

ખાધું કોઈ પૂછે કે ન પૂછે તો પણ ન કહેવું. સારું સારું ખાવાની લાલચમાં શ્રીમંતોને ઘેર જ ભિક્ષા માગવા ન જવું; તેમજ વધારે પડતી વાચાળતા ન કરવી. પરંતુ કાંઈક અંશે જ્ઞાત અને કાંઈક અંશે અજ્ઞાત એવાં ઘરો પ્રત્યે ભિક્ષા માટે જવું.[1] સદોષ[2] વસ્તુ મળી હોય તો પણ ન ખાવી. અને નિર્દોષ વસ્તુ પણ સાધુને માટે જ ખરીદી હોય, તેને ઉધારે જ આણી હોય કે તેને ઉદ્દેશીને તૈયાર કરેલી હોય તો તેનો ઉપયોગ પણ ન કરવો. સંયમી ભિક્ષુ એક કણ જેટલો પણ સંઘરો ન કરે. પરંતુ ભિક્ષામાં મળેલી વસ્તુઓ વડે જીવનારો થઈ, ગૃહસ્થાદિમાં કમળપત્રની પેઠે અસંબદ્ધ રહી, ચરાચર જીવોનું સંરક્ષણ કરનારો બને. સૂર્ય અસ્ત પામે અને ફરી ઊગે તે દરમ્યાન તમામ આહારસામગ્રીને મનથી પણ તેનું ન ઇચ્છવી. આહાર થોડો આપનારનો તિરસ્કાર ન કરવો. પરંતુ પોતાના પેટને નિયમમાં રાખવું. તેમજ આહાર બિલકુલ ન મળે તો પણ મળે તેમ ન બોલવું. દેહમાં, તેણે સ્થિતાત્મા, અચપળ અને મિતભાષી બનવું. લૂખુંસૂકું મળે તેને [illegible] તેનાથી પોતાનો નિર્વાહ ચલાવવો; જે મળે તેનાથી સંતુષ્ટ રહેવું;

૧. [illegible]
૨. [illegible]

થોડાની જ ઇચ્છા કરવી, અને થોડાથી જ તૃપ્ત થવું. [૧૯-૨૫ ૨૮-૯]

નિઃસંસર્ગીપણું

ભિક્ષુએ પોતાને માટે નિર્માણ થયેલા મકાનમાં કદી ન રહેવું; પરંતુ બીજા માટે તૈયાર થયેલાં તેમજ મળ-મૂત્રાદિ ત્યાગવાની ભૂમિયુક્ત, તથા સ્ત્રીઓ, પશુઓ અને નપુંસકો વિનાના સ્થળે ઉતારો કરવો. કોઈ સ્થળે પોતે એકલો ઊતર્યો હોય, તો ત્યાં સ્ત્રીઓને ધર્મકથા (પણ) કદી ન કહેવી. તેણે ગૃહસ્થોનો સંસર્ગ ન કરવો પરંતુ સાધુઓનો કરવો. કોઈ વખત ગૃહસ્થીઓનો સંસર્ગ કરવો જ પડે, તો પણ તેણે સ્ત્રીઓનો સંસર્ગ તો કદી ન કરવો. જેમ કૂકડાના બચ્ચાને બિલાડીનો ભય હંમેશાં રહેલો છે, તેમ બ્રહ્મચારી સાધુને સ્ત્રીશરીરનો ભય રહેલો છે. સાધુએ અલંકૃત સ્ત્રી તરફ કે તેના ચિત્ર તરફ પણ નજર ન કરવી; કદાચ નજર પડી જાય, તો પણ સૂર્ય તરફથી જેમ નજર પાછી ખેંચી લે, તેમ તેના ઉપરથી નજર ફેરવી લેવી. જેના હાથપગ કપાઈ ગયા હોય તેવી સો વર્ષની (વૃદ્ધ) સ્ત્રીનો સંસર્ગ પણ સાધુએ ન કરવો. શરીરની ટાપટીપ, સ્ત્રીનો

સંસર્ગ, અને રસદાર અન્નપાન, એ વસ્તુઓ આત્મ-
ગવેષી મનુષ્ય માટે તાલપુટ[1] વિષ જેવી છે. સ્ત્રીનાં
મનોહર અંગો તથા ઉપાંગો, તેમજ તેનાં મધુર
વચનો તથા કટાક્ષો તરફ સાધુએ ખ્યાલ ન કરવો.
કારણ કે એ વસ્તુ કામરાગની વૃદ્ધિ કરનારી છે.
બુદ્ધિમાન પુરુષે મનોહર પદાર્થો જોઈ તેઓમાં રાગ
ન કરવો, તથા અસુંદર પદાર્થો તરફ દ્વેષ ન કરવો;
કારણ કે, ભૌતિક પદાર્થોનાં પરિણામો અનિત્ય છે.
તેવાં અનિત્ય પરિણામોમાંથી તૃષ્ણા દૂર કરી,
અંતરાત્મામાં શીતળ થઈને વિહરવું. [૫૨-૬૦]

અહિંસા

પૃથ્વી વગેરે જીવવર્ગોની મન-વાણી-કાયાથી
હિંસા ન થાય તે રીતે ભિક્ષુએ વર્તવું એમ કરનારો
સાધુ જ સાચો સંયમી છે. તેણે જમીન, ભીંત,
શીલા, ઢેફું વગેરે પૃથ્વીકાયોને ખાગવા નહિ કે
ખોતરવા નહિ; સજીવ[2] પૃથ્વી ઉપર બેસવું નહિ.
રજવાળા આસન ઉપર બેસવું નહિ. અને બેસવું
હોય તો ઝાડી સાફ કરીને તેમજ માલિકની પરવાનગી

મેળવીને બેસવું. તે જ પ્રમાણે તેણે તાજું કંઈ પાણી, કરા કે બરફને ઉપયોગમાં ન લેવાં પોતાનું શરીર પાણીવાળું થયુ હોય તો તેને લૂછવું નહિ કે ઘસવું નહિ તે જ પ્રમાણે અંગારા, અગ્નિ, જ્વાળા, કે સળગતું ઓરિયુ વગેરેને તેણે સંકોરવાં નહિ, ખોરવાં નહિ કે બુઝાવવાં નહિ. તે જ પ્રમાણે વીંજણા વગેરેથી પોતાને કે બીજાને પવન ન નાખવો. તે જ પ્રમાણે તૃણ, વૃક્ષ, ફલ કે મૂળને છેદવા નહિ. સજીવ બીજને મનથી પણ ઇચ્છવા નહિ તથા છોડવાઓવાળી જગા ઉપર, બીજ ઉપર, કુણિયાળી ઉપર, લીલ[1] ઉપર કે ટોપ ઉપર કદી ઊભા ન રહેવું. તે જ પ્રમાણે બે ઇંદ્રિયવાળાં વગેરે જંગમ (ત્રસ) પ્રાણીઓની પણ તેણે વાણી કે કર્મથી હિંસા ન કરવી. દયાધિકારી સાધુએ તો નજરે ન પડે તેવા નીચેના આઠ પ્રકારના સૂક્ષ્મ પ્રાણીઓને પણ બચાવવ ૧ ઝાકળ, ધુમ્મસ, ઓસ વગેરેનાં સૂક્ષ્મ બિંદુઓ ૨ વડ-ઉંમરો વગેરેના સૂક્ષ્મ ફૂલ ... કુંથવા વગેરે સૂક્ષ્મ જંતુઓ ૪ સૂક્ષ્મ કીડિયારાં ... ઉપર ... ચોમાસામાં થતી સૂક્ષ્મ લીલ, ફુગ વગેરે ... ગયા ... વગેરે બીજોનું સૂક્ષ્મ મૂળ ૭ જમીન જેવા ...

[illegible]

વર્ષાના નવા ફૂટતા અંકુર. ૮. માખી વગેરેનાં સૂક્ષ્મ ઈંડાં. સંયમી સાધુએ આ સૂક્ષ્મ જીવોનું સ્વરૂપ સમજીને, ઇંદ્રિયોને નિગ્રહમાં રાખી, અપ્રમાદીપણે તેમને જોઈ–તપાસીને જ બેસવું, ઊભા રહેવું કે સૂવું. તેણે પોતાનાં પાત્ર, કંબળ, શય્યા, પથારી, આસન વગેરેને કાળજીપૂર્વક જોવાં–તપાસવાં; તથા લીંટ, બળખો અને મળ–મૂત્ર પણ નિર્જીવ સ્થળે જ જોઈ –તપાસીને નાખવાં. આમ સ્થૂલ–સૂક્ષ્મ સર્વ ભૂતપ્રાણીઓની હિંસામાંથી વિરત થઈ સાધુએ સમગ્ર જગતને (હિંસાદિ દોષથી કર્મોને અધીન બની નરકાદિ ગતિમાં ભમ્યા કરનારું) વિચારવું. [૧-૧૮]

ભિક્ષુ જે ઉત્તમ શ્રદ્ધા વડે પ્રવ્રજિત થયો હોય, તે શ્રદ્ધાનું તેણે આચાર્યસંમત મહાવ્રતો આદિ ગુણોની બાબતમાં યત્નપૂર્વક અનુપાલન કરવું. તપ, સંયમ અને સ્વાધ્યાયને સદા આચરનારો તે સાધુ ઇંદ્રિયો, વિકારો વગેરે શત્રુસેનાથી નિરુદ્ધ થયા છતાં, તપ વગેરે પોતાની શસ્ત્રસામગ્રીથી બરાબર પૂરો પડે છે. સ્વાધ્યાય અને સદ્ધ્યાનમાં રત, વિકારો વગેરેમાંથી પોતાનું રક્ષણ કરનાર, નિર્મળ અંતઃકરણયુક્ત તથા તપ આદિમાં પરાયણ એવા તે સાધુનો પૂર્વે જન્મેલો કર્મમલ, અગ્નિથી સોનાનો મેલ જેમ [illegible] બળી જાય તેમ [illegible] બળી જાય

વર્ણના નવા ફૂટતા અંકુર. ૮. માખી વગેરેનાં સૂક્ષ્મ ઈંડાં. સંયમી સાધુએ આ સૂક્ષ્મ જીવોનું સ્વરૂપ સમજીને, ઇંદ્રિયોને નિગ્રહમાં રાખી, અપ્રમાદીપણે તેમને જોઈ-તપાસીને જ બેસવું, ઊભા રહેવું કે સૂવું. તેણે પોતાનાં પાત્ર, કંબળ, શય્યા, પથારી, આસન વગેરેને કાળજીપૂર્વક જોવાં-તપાસવાં; તથા લીંટ, બળખો અને મળ-મૂત્ર પણ નિર્જીવ સ્થળે જ જોઈ-તપાસીને નાખવાં. આમ સ્થૂલ-સૂક્ષ્મ સર્વ ભૂત-પ્રાણીઓની હિંસામાંથી વિરત થઈ સાધુએ સમગ્ર જગતને (હિંસાદિ દોષથી કર્મોને અધીન બની નરકાદિ ગતિમાં ભમ્યા કરનારું) વિચારવું. [૧-૧૮]

ભિક્ષુ જે ઉત્તમ શ્રદ્ધા વડે પ્રવ્રજિત થયો હોય, તે શ્રદ્ધાનું તેણે આચાર્યસંમત મહાવ્રતો આદિ ગુણોની બાબતમાં યત્નપૂર્વક અનુપાલન કરવું. તપ, સંયમ અને સ્વાધ્યાયને સદા આચરનારો તે સાધુ ઇંદ્રિયો, વિકારો વગેરે શત્રુઓનાથી નિરુદ્ધ થવા છતાં, તપ વગેરે પોતાની શક્તિમાંથી બરાબર પૂરો પડે છે. સ્વાધ્યાય અને ધ્યાનમાં રત, વિકારો વગેરેમાંથી પોતાનું રક્ષણ કરનાર, નિર્મળ અંતઃકરણયુક્ત તથા તપ આદિમાં પરાયણ હોવા તે સાધુનો પૂર્વ જન્મનો કર્મમળ, અગ્નિથી સોનાનો મેલ જેમ નાશ પામી જાય તેમ નાશ પામી જાય

છે. પરિષહોનો જય કરનારો, જિતેંદ્રિય, વિદ્યા
મમત્વ વિનાનો, તથા અકિંચન એવો તે સાધુ
રૂપી વાદળ દૂર થતાં, મેઘ વિના શરદ ઋ
ચંદ્ર જેમ શોભે, તેમ શોભે છે. એમ હું કહું
[૬૧-૪]

૯

વિનય

૧

ગર્વ, ક્રોધ, માયા અને પ્રમાદને કારણે જે શિષ્ય ગુરુ પાસે રહીને વિનય નથી શીખતો, તેની તે ઊણપ વાંસના ફળની માફક તેના પોતાના જ નાશનું કારણ થાય છે ૧.

જેઓ ગુરુને મંદ જાણીને, કે નાની ઉમરના જાણીને, કે ઓછું ભણેલા જાણીને તેમની અમર્યાદાપૂર્વક અવહેલના કરે છે, તેઓ તેમનું અનુસરણ ક્યાંથી કરી શકવાના? પ્રકૃતિથી કેટલાક પુરુષો મંદ હોય છે; તથા કેટલાક નાની ઉમરના પુરુષો શાસ્ત્રજ્ઞાન અને તીક્ષ્ણ બુદ્ધિમાન હોય છે. પરંતુ નાના હો કે મોટા હો, મંદબુદ્ધિવાળા હો કે તીક્ષ્ણ બુદ્ધિવાળા હો, પરંતુ જે ગુરુ આચારવાન છે, તથા ગુણનિષ્ઠ

છે, તેમનુ અપમાન કરવુ એ અગ્નિની પેઠે પોતાના સદ્ગુણોને ભસ્મીભૂત કરવા જેવું છે. જેમ ઝેરી[1] નાગને નાનો જાણી કોઈ તેની છેડતી કરે, એ પોતાનો જ નાશ વહોરવા જેવું છે, તેમ ગુરુની અવહેલા કરનારો મંદભાગી પુરુષ જન્મમરણનો ચકરાવો જ વહોરી લે છે. ઝેરી નાગ ગુસ્સે થાય તો બહુ તો જીવિતનો નાશ કરે, પરંતુ આચાર્ય અપ્રસન્ન થાય તો બોધિનો જ નાશ થાય અને પરિણામે અનંત જન્મ-મરણ કરવા પડે. જીવિતની ઇચ્છાવાળો કોઈ ન સળગતા અગ્નિમા પ્રવેશ કરે, કે મહાઝેરી નાગને છંછેડે, કે હલાહલ વિષનું ભક્ષણ કરે, તેના જેવુ ગુરુને અપ્રસન્ન કરનાર શિષ્યનુ વર્તન છે અરે, અગ્નિમા પ્રવેશવા છતા અગ્નિ ન બાળે, ઝેરી નાગ ચિડાવા છતા ન કરડે કે હલાહલ ખાવા છતાં પણ ન મારે - એ બધુ બનવુ કદાચિત્ સંભવિત પણ છે; પરંતુ ગુરુની અવહેલા કરીને જ્ઞાન પ્રાપ્ત કરવુ એ તો અશક્ય વસ્તુ છે. માટે મોક્ષ-સુખાભિલાષીએ ગુરુની કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો [૨-૧૦]

અગ્નિહોત્રી બ્રાહ્મણ જેમ વિવિધ પ્રકારની આહુતિઓ અને મંત્રો વડે અભિષિક્ત અગ્નિને

[1] [illegible]

નમસ્કાર કરે છે,[1] તેમ અનંતજ્ઞાની શિષ્યે પણ ગુરુની વિનયપૂર્વક શુશ્રૂષા કરવી જેની પાસેથી ધર્મપદો શીખ્યા હોઈએ, તેના પ્રત્યે વિનયથી વર્તવું જોઈએ, તથા હંમેશાં માથું નમાવી, હાથ જોડી, મન-વાણી-કાયાથી તેનો સત્કાર કરવો જોઈએ.[2] મુમુક્ષુ જીવને વિશુદ્ધ કરનાર લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્ય વગેરે ગુણોનો જે ગુરુ મને સતત ઉપદેશ આપે છે, તે ગુરુને હું પણ સતત પૂજું. જેમ રાત્રી પૂરી થયા બાદ સૂર્ય સંપૂર્ણ ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેમ આચાર્ય પણ પોતાના શાસ્ત્રજ્ઞાનથી, ચારિત્રથી અને બુદ્ધિથી સંપૂર્ણ પદાર્થોનું સ્વરૂપ પ્રકાશિત કરે છે. દેવોની મધ્યે ઇંદ્ર જેમ વિરાજે છે, તથા જેમ કાર્તિકીપૂર્ણિમાની રાત્રે[3] નક્ષત્રો અને તારાગણોથી વીંટળાયેલો ચંદ્ર વાદળ વિનાના

[illegible]

[illegible]

[illegible]

નિર્મળ આકાશમાં શોભે છે, તેમ સાધુઓની વચમાં આચાર્ય શોભે છે. જ્ઞાનાદિ રત્નોની ખાણરૂપ, તથા ધ્યાન, શાસ્ત્રાભ્યાસ, શીલ અને બુદ્ધિ વડે મોક્ષરૂપી મહાવસ્તુની આકાંક્ષા રાખનારા આચાર્યોને, તેમની પાસેથી તે ઉત્તમ રત્નો પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા ધર્માભિલાષી[1] શિષ્યે વિનયથી આરાધવા જોઈએ તથા પ્રસન્ન કરવા જોઈએ. ગુરુ-સેવા બાબત આ બધા ઉપદેશો સાંભળીને મુમુક્ષુએ આચાર્યની પ્રમાદ-રહિતપણે શુશ્રૂષા કરવી. તેમ કરનારો શિષ્ય અનેક ગુણોની આરાધના કરીને અંતે સર્વોત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, એમ હું કહું છું [૧૧-૭]

૨

મૂળમાંથી જેમ વૃક્ષનું થડ થાય છે, થડમાંથી શાખાઓ થાય છે; શાખાઓમાંથી પ્રશાખાઓ થાય છે; પ્રશાખાઓમાંથી પાન થાય છે અને પછી પુષ્પ ફળ અને રસ થાય છે; તેમ, ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય[2] એટલે કે કેળવણી છે તેના વડે શીઘ્ર કીર્તિ તથા સંપૂર્ણ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થાય છે; અને

[illegible]

અંતે કૃત્યના રસરૂપ મોક્ષ પણ પ્રાપ્ત થાય છે. પશુ જેવો જે મનુષ્ય ક્રોધી, મદમત્ત, અપ્રિયવક્તા, માયાવી, અને શઠ હોઈ, અવિનીત[1] રહે છે, તે પ્રવાહમાં તણાતા કાષ્ઠની પેઠે સંસારપ્રવાહમાં તણાયા કરે છે. ગુરુ વિવિધ ઉપાયો વડે વિનય અથવા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરે છતાં જે મૂર્ખ ઊલટો ગુસ્સે થાય છે, તે પોતાને હાથે દિવ્ય લક્ષ્મીને જ લાકડી વડે પાછી કાઢે છે. [૧-૪]

હાથી, ઘોડા વગેરે સવારીનાં પ્રાણીઓમાં પણ જેઓ સુવિનીત હોય છે, તેઓને આભૂષણ, માવજત વગેરે કેટલી બધી ઋદ્ધિ પ્રાપ્ત થાય છે, તથા તેઓ યશસ્વી થઈ કેવું સુખ ભોગવે છે; પરંતુ જે પ્રાણીઓ અવિનીત હોય છે, તેમની પાસે સામાન્ય મજૂરીનું જ કરાવવામાં આવે છે; અને માવજત, આહાર વગેરેની બાબતમાં પણ તેઓ દુઃખ જ ભોગવે છે. તે પ્રમાણે જગતમાં જે સ્ત્રીપુરુષો સુવિનીત નથી હોતા, તેઓને વધ-બંધનાદિ[2] દુઃખો જ ભોગવવા

[illegible]

કરવાં પડે છે; પરંતુ સુવિનીત સ્રીપુરુષો ઋદ્ધિ અને યશ પ્રાપ્ત કરી સુખી થાય છે. દેવોમાં પણ જેઓ સુવિનીત હોય છે, તેઓ ઇંદ્રાદિ પદ પ્રાપ્ત કરી, ઋદ્ધિ અને યશ યુક્ત બને છે, તથા સુખ ભોગવે છે; અને જેઓ અવિનીત હોય છે, તેઓ દાસ–નોકર વગેરેની સ્થિતિ પ્રાપ્ત કરી, દુઃખ ભોગવે છે.[1] [૫-૧૧]

જે શિષ્યો આચાર્યો અને ઉપાધ્યાયોની સેવા કરે છે, તથા તેમનું કહ્યું કરે છે, તેઓની કેળવણી[2] જળ પાણીથી સિંચાયેલાં વૃક્ષોની જેમ વધે છે. આ લોકમાં ઉપભોગ પ્રાપ્ત કરવા માટે હુન્નર-કારીગરી શીખવા ઇચ્છતા ગૃહસ્થ વર્ગના લોકો અને સુકુમાર શરીરવાળા ગર્ભશ્રીમંતો પણ ગુરુને પૂજે છે, સત્કારે છે, નમે છે અને તેમની આજ્ઞામાં રહે છે; તેમજ ઘોર વધ-બંધન અને દારુણ પરિતાપ પણ સહન કરે છે તો પછી અત્યંત હિતરૂપ મોક્ષ તથા તેના સાધનરૂપ શાસ્ત્રજ્ઞાનની કામનાવાળો ભિક્ષુ આચાર્યના વચનનું ઉલ્લંઘન કેવી રીતે કરી શકે? ૧૨-૬

૧ [illegible]

૨ [illegible]

શિષ્ય હંમેશાં પોતાની શય્યા, આસન અને સ્થાન ગુરુ કરતાં નીચાં રાખે; ચાલતી વખતે પણ તેમની પાછળ, બહુ દૂર નહીં તેમજ બહુ જલદી નહીં એવી રીતે ચાલે; ગુરુના ચરણમાં નમસ્કાર પણ નીચો નમીને જ કરે; તથા કાંઈ પૂછવું-કરવું હોય ત્યારે પણ નીચો નમીને અંજલિ જોડે. તેમના દેહને પોતાનો દેહ, કે પોતાનું વસ્ત્રાદિ અડી જાય, તો 'મારો અપરાધ ક્ષમા કરો; ફરીથી તેમ નહીં થાય' એમ કહે. ગળિયા બળદને પરોણા વડે વારંવાર મારવામાં આવે છે, ત્યારે તે રથને વહન કરે છે; તેમ દુર્બુદ્ધિ શિષ્ય પણ આચાર્ય વારંવાર ટોકયા કરે, ત્યારે જ તેમનું કહેલું કરે છે. પરંતુ બુદ્ધિશાળી શિષ્ય તો કાળ, ગુરુની ઇચ્છા, અને તે પૂરી કરવાનો યોગ્ય વિધિ એ બધું વિવિધ ઉપાયોથી[1] પોતાની મેળે જ જાણી લઈ તેનો અમલ કરે છે. [૧૭-૨૦]

અવિનીત પુરુષોને વિપત્તિ છે, અને સુવિનીત પુરુષોને [illegible] છે, એમ જે બરાબર જાણે છે, તે જ સુશિક્ષિત થઈ શકે છે. જે ભિક્ષુ ક્રોધી, ઋદ્ધિ અને ગૌરવમાં અભિનિવેશવાળો, ચુગલીખોર, કુકર્મ કરવામાં સાહસિક, હલકા લોકોનું કહ્યું કરનારો,

[1] [illegible]

કરવાં પડે છે; પરં
યશ પ્રાપ્ત કરી સુ
સુવિનીત હોય છે
અને યશ યુક્ત
જેઓ અવિનીત
સ્થિતિ પ્રાપ્ત

જે શિ
કરે છે, તથા
પાણીથી સિ
ઉપભોગ પ્ર
ઇચ્છતા ગ
વાળા ગર્ભ
નમે છે અ
વધ-બંધન
તો પછી
શાસ્ત્રજ્ઞાન
ઉલ્લંઘન

જે ભિક્ષુ અપરિચિત લોકોને ઘેરથી થોડું દે
વિશુદ્ધ[1] ભિક્ષાન્ન હંમેશાં માગી લાવીને, સં
જીવનમાં ઉપયોગી એવા શરીરના નિભાવને અર્થે
ખાય છે; અને તે પણ ન મળે તો દિલગીર
થતો, કે મળે તો ખુશી નથી થઈ જતો, તે બધ
પૂજ્ય બને છે. [૪]

પથારી, શય્યાસ્થાન, આસન, અન્ન અને
વધારે મળતાં હોય છતાં અલ્પ ઇચ્છા રાખી જે
પૂરતું જ લે છે, અને એ રીતે થોડાથી જ સ
રહે છે, તે બધાનો પૂજ્ય બને છે [૫]

ઉત્સાહી મનુષ્ય ધન વગેરેની આશાથી લો
કાંટા પણ સહન કરી લે છે; પરંતુ નિરીહ હોવા
કઠોર વાણીરૂપી કાંટા જે સહન કરી લે છે, તે બા
પૂજ્ય બને છે. કારણ કે લોઢાના કાંટા તો એ
ત્યારે જ થોડાક કાળ દુઃખ આપે છે, તેમ જ તે
શરીરમાંથી ખેંચી પણ શકાય છે; પરંતુ
વાણીરૂપી કાંટા ભોંકાયા પછી તેને દૂર કરવું મુ
છે, તેમ જ તેનું વેર જન્મોજન્મ પહોંચે છે
દુર્ગતિઓરૂપી મહાભયનું કારણ થઈ પડે છે
વાણી કાનમાં પેસતાં જ દૌર્મનસ્ય ઉત્પન્ન કરે

[illegible]

ધર્મજ્ઞાન વિનાનો, વિનય જેવી વસ્તુ જ ન જાણનારો તથા એકલપેટો છે, તેનો મોક્ષ નથી; પરંતુ જે ભિ સદ્ગુરુની આજ્ઞામાં રહે છે, જે ધર્મનું રહસ્ય સમજે છે, તથા જે વિનયની બાબતમાં કુશળ છે, તે દુસ્તર પ્રવાહને તરી જાય છે. તથા કર્મોનો ક્ષય કરી સિદ્ધિરૂપી ઉત્તમ ગતિને પામે છે, એમ હું કહું [૨૧-૩

૩

જે શિષ્ય સતત જાગ્રત રહી આચાર્યની શુશ્રૂ કરે છે, અને તેમની દૃષ્ટિ કે ઇશારામાત્રથી તેમ મરજી સમજી લઈ, તેનો અમલ કરે છે, તે બધાં પૂજ્ય બને છે. [૧]

ગુરુ પાસેથી આચારાદિનું જ્ઞાન મેળવ ઇચ્છનારે હમેશાં વિનયી થવું. પછી જ્યારે તેમ ઉપદેશ મળે, ત્યારે જે રીતે તેમણે ઉપદેશ્યું હોય પ્રમાણે આચરણ કરવાનો ઇરાદો રાખી, જે શિ ગુરુનો અપરાધી નથી બનતો; તે બધાનો પૂજ્ય બ છે. [૨]

પોતાનાથી જ્ઞાનમાં અને સંયમમાં અધિક પુરુ પ્રત્યે જે વિનય અને નમ્રભાવ રાખવે છે — પછી ભ તે ઉંમરમાં નાનો હોય, વળી જે સત્યવાદી છે, વ શીલ છે, તથા આજ્ઞાકારી છે, તે બધાનો પૂજ બને છે [૩]

જે ભિક્ષુ અપરિચિત લોકોને ઘેરથી થોડું થોડું વિશુદ્ધ[1] ભિક્ષાન્ન હંમેશાં માગી લાવીને, સંયમજીવનમા ઉપયોગી એવા શરીરના નિભાવને અર્થે જ ખાય છે; અને તે પણ ન મળે તો દિલગીર નથી થતો, કે મળે તો ખુશી નથી થઈ જતો, તે બધાનો પૂજ્ય બને છે. [૪]

પથારી, શય્યાસ્થાન, આસન, અન્ન અને પાન વધારે મળતાં હોય છતાં અલ્પ ઇચ્છા રાખી જે જરૂર પૂરતું જ લે છે, અને એ રીતે થોડાથી જ સંતુષ્ટ રહે છે, તે બધાનો પૂજ્ય બને છે. [૫]

ઉત્સાહી મનુષ્ય ધન વગેરેની આશાથી લોઢાના કાંટા પણ સહન કરી લે છે; પરંતુ નિરીહ હોવા છતાં કઠોર વાણીરૂપી કાંટા જે સહન કરી લે છે, તે બધાનો પૂજ્ય બને છે. કારણ કે લોઢાના કાંટા તો ભોંકાય ત્યારે જ દેહને ક્ષણ દુઃખ આપે છે, તેમ જ તેમને સહેલાઈથી ખેંચી પણ શકાય છે; પરંતુ કઠોર વાણીરૂપી શલ્ય ભોંકાયા પછી તેને દૂર કરવું મુશ્કેલ છે, તેમ જ તેનું વેર જન્મોજન્મ વધારે છે અને દુર્ગતિઓરૂપી મહાભયનું કારણ થઈ પડે છે. કઠોર વાણી આમ પોતાને જ દૌર્મનસ્ય ઉત્પન્ન કરે છે.

1. [illegible]

ધર્મજ્ઞાન વિનાનો, વિનય જેવી વ-
તથા એકલપેટો છે, તેનો મોક્ષ ન
સદ્ગુરુની આજ્ઞામાં રહે છે, જે ધર્મ
છે, તથા જે વિનયની બાબતમાં
દુસ્તર પ્રવાહને તરી જાય છે, તથા
સિદ્ધિરૂપી ઉત્તમ ગતિને પામે છે,
[૨૧-૩

૩

જે શિષ્ય સતત જાગ્રત રહી આ
કરે છે, અને તેમની દૃષ્ટિ કે ઈશારામ
મરજી સમજી લઈ, તેનો અમલ કરે
પૂજ્ય બને છે. [૧]

ગુરુ પાસેથી આચારાદિનું જ્ઞાન
ઇચ્છનારે હંમેશાં વિનયી થવું. પછી
ઉપદેશ મળે, ત્યારે જે રીતે તેમણે ઉપ
પ્રમાદ આચરણ કરવાનો ઇરાદો રાખી,
ગુરુનો અપરાધી નથી બનતો, તે બધાનો
છે. [૨]

પોતાનાથી જ્ઞાનમાં અને સંયમમાં અ
પ્રત્યે જે વિનય અને નમ્રભાવ દાખવે છે — પ
તે ઉંમરમાં નાનો હોય, વળી જે સત્યવાદી છે
રીક છે, તથા આજ્ઞાકારી છે, તે બધાનો
બને છે. [૩]

નાનો કે મોટો, સ્ત્રી કે પુરુષ, સાધુ કે ગૃહસ્થ, કોઈની પણ અવજ્ઞા ન કરવી કે તિરસ્કાર ન કરવો. એ પ્રમાણે માન અને ક્રોધનો જે ત્યાગ કરે છે, તે બધાનો પૂજ્ય બને છે. [૧૨]

પૂજા-સત્કારાદિથી સંમાનિત કરેલા જે આચાર્યો પોતાનું જ્ઞાનદાનાદિથી સંમાન કરે છે, તેમ જ પિતા જેમ કન્યાને પાળી-પોષી યોગ્ય કુલમાં ઠેકાણે પાડે છે, તેમ જે આચાર્યો પોતાને યોગ્ય માર્ગે સ્થાપિત કરે છે, તેવા માનાર્હ તપસ્વી આચાર્યોનું જે જિતેંદ્રિય તથા સત્યપરાયણ ભિક્ષુ સંમાન કરે છે, તે બધાનો પૂજ્ય બને છે. [૧૩]

તેવા ગુણસાગર ગુરુનો સદુપદેશ સાંભળી જે બુદ્ધિમાન ભિક્ષુ તે પ્રમાણે આચરણ કરે છે, તથા પંચ-મહાવ્રતના પાલનમાં તત્પર થઈ, મન-વાણી-કાયાનું અનિષ્ટમાંથી રક્ષણ કરે છે, તેમ જ ક્રોધ-લોભ-માન અને માયારૂપી ચાર કષાયોને દૂર કરે છે, તે બધાનો પૂજ્ય બને છે [૧૪]

એ પ્રમાણે સતત ગુરુસેવા કરનારો મુનિ શાસ્ત્રજ્ઞાન તથા તેના અનુભવમાં કુશળતા પ્રાપ્ત કરી, પૂર્વે બાંધેલી કર્મરજ ખંખેરી નાખી, પ્રકાશપુંજ તથા અનુપમ એવી સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે [૧૫]

જિતેંદ્રિય થઈને જે પરમ શૂરવીર ભિક્ષુ તેના પ્રહારોને ધર્મબુદ્ધિથી[1] સહન કરી લે છે, તે બધાનો પૂજ્ય બને છે [૬-૮]

જે ભિક્ષુ પીઠ પાછળ કોઈની નિંદા નથી કરતો, પ્રત્યક્ષમાં પણ વિરોધ ઊભો થાય તેવી, તેમ જ નિશ્ચયાત્મક[2] કે સામાને અપ્રિય લાગે તેવી વાણી નથી બોલતો, તે બધાનો પૂજ્ય બને છે. [૯]

જે ભિક્ષુ આહારાદિમાં લુબ્ધ નથી; છળકપટ કે કુટિલતા વિનાનો છે; ચુગલીખોર નથી કશું ન મળે તો દીન બની જતો નથી; બીજા પાસે પોતાનાં વખાણ કરાવતો નથી કે પોતે બીજા આગળ પોતાનાં વખાણ કરતો નથી તથા જેને નટ-નૃત્ય વગેરેનું કુતૂહલ નથી, તે બધાનો પૂજ્ય બને છે [૧૦]

'ગુણો વડે જ સાધુ થવાય છે, અને દુર્ગુણો વડે જ અસાધુ થવાય છે, માટે સાધુગુણોનો સ્વીકાર કરવો અને અસાધુગુણોનો ત્યાગ કરવો' એમ જે પોતાની જાતને સમજાવે છે તથા રાગદ્વેષનો ત્યાગ કરી, સમભાવ પ્રાપ્ત કરે છે, તે બધાનો પૂજ્ય બને છે. [૧૧]

૧. [illegible] નહીં, પરંતુ સહન [illegible]

૨. [illegible]

નાનો કે મોટો, સ્ત્રી કે પુરુષ, સાધુ કે ગૃહસ્થ, કોઈની પણ અવજ્ઞા ન કરવી કે તિરસ્કાર ન કરવો. એ પ્રમાણે માન અને ક્રોધનો જે ત્યાગ કરે છે, તે સૌનો પૂજ્ય બને છે. [૧૨]

પૂજા-સત્કારાદિથી સંમાનિત કરેલા જે આચાર્યો પોતાનું જ્ઞાનદાનાદિથી સંમાન કરે છે; તેમ જ પિતા જેમ કન્યાને પાળી-પોષી યોગ્ય કુળમાં ઠેકાણે પાડે છે, તેમ જે આચાર્યો પોતાને યોગ્ય માર્ગે સ્થાપિત કરે છે, તેવા માનાર્હ તપસ્વી આચાર્યોનું જે જિતેંદ્રિય તથા સત્યપરાયણ ભિક્ષુ સંમાન કરે છે, તે સૌનો પૂજ્ય બને છે. [૧૩]

તેવા ગુણસાગર ગુરુનો સદુપદેશ સાંભળી જે બુદ્ધિમાન ભિક્ષુ તે પ્રમાણે આચરણ કરે છે, તથા પંચ-મહાવ્રતના પાલનમાં તત્પર થઈ, મન–વાણી–કાયાનું અનિષ્ટમાંથી રક્ષણ કરે છે, તેમ જ ક્રોધ-લોભ-માન અને માયારૂપી ચાર કષાયોને દૂર કરે છે, તે સૌનો પૂજ્ય બને છે [૧૪]

એ પ્રમાણે સતત ગુરુસેવા કરનારો મુનિ શાસ્ત્રજ્ઞાન તથા તેના અનુભવમાં કુશળતા પ્રાપ્ત કરી, પૂર્વે બાંધેલી કર્મરજ ખંખેરી નાખી, પ્રકાશયુક્ત તથા અનુપમ એવી સિદ્ધગતિ પ્રાપ્ત કરે છે [૧૫]

૯

મેં આ પ્રમાણે સાંભળ્યું છે. ભગવાન મહાવીરે એવું કહ્યું છે કે : જિતેંદ્રિય પુરુષો વિનય, શ્રુત[1], તપ અને આચાર એ ચાર સમાધિસ્થાનોમાં[2] પોતાની જાતને યોજે છે. [૧]

તેમા વિનયસમાધિના પાછા ચાર પ્રકાર છે: ૧ ગુરુ કહે ત્યારે સાંભળવાની ઇચ્છા રાખવી ૨. તેને બરાબર સમજવુ ૩. તે પ્રમાણે આચરણ કરવુ. ૪. અને તે બાબતનો મદ ન કરવો [૨]

તે જ પ્રમાણે શ્રુતસમાધિના પણ ચાર પ્રકાર છે ૧ મને શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થશે એ ખ્યાલથી અધ્યયન કરવુ. ૨. હું એકાગ્ર ચિત્તવાળો થઈશ એ ખ્યાલથી અધ્યયન કરવું ૩. શુદ્ધ ધર્મ જાણીને તેમાં હું મારી જાતને સ્થાપિત કરીશ, એ ખ્યાલથી અધ્યયન કરવું. ૪ તથા શુદ્ધ ધર્મમા જાતે સ્થિત થયા પછી બીજાને પણ તેમા સ્થાપિત કરી શકીશ એવા ખ્યાલથી અધ્યયન કરવુ. [૩]

તપસમાધિના પણ ચાર પ્રકાર છે: ૧. ઇહલૌકિક ફળની ઇચ્છાથી તપ ન કરવું. ૨. પારલૌકિક ફળની

[illegible]

ઇચ્છાથી તપ ન કરવું. ૩. કીર્તિ અને પ્રશંસા[૧] પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તપ ન કરવું. ૪. અને કર્મનાશ સિવાય બીજા કશા હેતુથી તપ ન કરવું. એ પ્રકારે કર્મનાશ સિવાય બીજા કશા ફળની આશા વિના જે ભિક્ષુ હંમેશાં વિવિધ પ્રકારના ગુણોયુક્ત તપમાં રત રહે છે, તે પોતાનાં જૂનાં પાપ ખંખેરી નાખે છે. [૪]

તે જ પ્રમાણે આચારસમાધિના પણ ચાર પ્રકાર છે:

૧ ઇહલૌકિક ફળની ઇચ્છાથી આચાર ન પાળવો; ૨. પારલૌકિક ફળની અપેક્ષાથી આચાર ન પાળવો; ૩. કીર્તિ અને પ્રશંસા[૧] પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આચાર ન પાળવો; ૪. અને અર્હંત ભગવાને કહેલા હેતુ સિવાય (એટલે કે મોક્ષના પ્રયોજન સિવાય) બીજા હેતુથી આચાર ન પાળવો. જે ભિક્ષુ જિનવચનોમાં રત હોય, બકબકિયો ન હોય; પ્રતિપૂર્ણ હોય, અત્યંત મોક્ષાર્થી હોય, ઇંદ્રિયનિગ્રહી હોય અને મોક્ષસાધક હોય, તે આચારસમાધિયુક્ત કહેવાય [૫]

૧ [illegible]

ઉપર જણાવેલ ચારે સમાધિઓને સેવનારો ભિક્ષુ વિશુદ્ધ અને સ્થિરચિત્ત બની, પોતાને માટે વિપુલ, હિતકર સુખયુક્ત અને કલ્યાણકારી સ્થાન તૈયાર કરે છે. જન્મમરણમાંથી મુક્ત થાય છે; અને આ શરીરનો[1] ત્યાગ કરી, કાં તો શાશ્વત સિદ્ધ થાય છે; અથવા થોડુંઘણું કર્મ ભોગવવું બાકી રહ્યું હોય તો મહાઋદ્ધિશાળી દેવ થાય છે, એમ હું કહું છું. (૬-૭)

નોંધ :

વિનીત અને અવિનીત (ઉત્તરાધ્યયન સૂત્રમાં (અ. ૧૧) વિનીત અને અવિનીતના જે લક્ષણ જણાવ્યાં છે, તે ટૂંકમાં અહીં આપ્યાં છે. વિશેષ માટે જુઓ આ માળાનું 'અંતિમ ઉપદેશ પુસ્તક' પા. ૫૩

'જેણે શાસ્ત્રનો મર્મ જાણ્યો નથી, જે અહંકારી છે, જે લુબ્ધ છે, જે ઇંદ્રિયનિગ્રહી નથી, તથા જે નિરંતર બકબક કર્યા કરે છે, તે (ભલે, જાણ્યો હોય તોય) વિનીત ન કહેવાય.

નીચેનાં પાંચ કારણોથી સાચું શિક્ષણ પ્રાપ્ત થતું નથી: માન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ.

નીચેનાં આઠ કારણોથી માણસ સુશિક્ષિત કહેવાય છે: તે હસનશીલ નથી હોતો, સતત ઇંદ્રિયનિગ્રહી હોય છે.

૧ મૂળ: [illegible]

ને ૧ [illegible]

બીજાને ચોટ લાગી જાય તેવું બોલતો નથી; સુશીલ હોય છે; દુરાચારી નથી હોતો; રસલંપટ નથી હોતો; સત્યમાં રત હોય છે; તથા ક્રોધી નથી હોતો.

નીચેના ૧૪ દોષોવાળો મુનિ અવિનીત કહેવાય છે અને તે નિર્વાણ પામી શકતો નથી : તે વારંવાર ગુસ્સે થઈ જાય છે, તેનો ક્રોધ ઝટ શમતો નથી, કોઈ તેની સાથે મિત્રતાની રીતે બોલતાં જાય, તો પણ તેનો તિરસ્કાર કરે છે; શાસ્ત્ર જાણીને અભિમાન કરે છે, બીજાના દોષોની ખોદણી કરે છે; મિત્રો ઉપર પણ ગુસ્સે થઈ જાય છે, પોતાના પ્રિય મિત્રનું પણ પીઠ પાછળ ભૂંડું બોલે છે, કોઈ પણ બાબતમાં ઝટ ઠોકી બેસે છે, મિત્રનો પણ દ્રોહ કરે છે, અહંકારી હોય છે, લુબ્ધ હોય છે, ઇંદ્રિયનિગ્રહી નથી હોતો; એકલપેટો હોય છે અને બધાને અપ્રીતિકર હોય છે

નીચેનાં ૧૫ કારણોથી બુદ્ધિમાન સાધુ સુવિનીત કહેવાય છે : તે નમ્રતાવાન હોય છે, ચંચળ નથી હોતો; કપટી નથી હોતો, કુતૂહલી નથી હોતો, કોઈનો તિરસ્કાર નથી કરતો, એનો કોપ ઝટ શમી જાય છે, મિત્રતાથી વર્તનાર પ્રત્યે તે ઉપકાર [illegible] છે, શાસ્ત્ર ભણીને તે અભિમાન નથી કરતો, અહંકારી નથી હોતો, કોઈથી [illegible] નથી કરતો [illegible] [illegible] નથી [illegible], અપ્રિય મિત્રનું પણ [illegible] [illegible] છે, [illegible] નથી કરતો, [illegible] હોય છે, તથા [illegible] હોય છે

[illegible]

૧૦

ઉપસંહાર

જ્ઞાની પુરુષોના ઉપદેશથી સંસારત્યાગ કર્યા બાદ હંમેશા તીર્થંકર વગેરે તત્વજ્ઞાનીઓનાં વચનોમાં જ લીન રહેવું, અને તે પ્રમાણે જ વર્તવું. જે ભિક્ષુ એક વખત વિષયભોગોનો ત્યાગ કર્યા બાદ ફરીથી સ્ત્રીઓને વશ નથી થતો, અર્થાત્ ઓકેલું પાછું નથી પીતો, તે જ સાચો ભિક્ષુ છે. ૧

સાચા ભિક્ષુએ જ્ઞાતપુત્ર મહાવીરનાં વચનોમાં શ્રદ્ધા કરવી, તથા પાંચે મહાવ્રતોનું બરાબર પાલન કરીને કર્મબંધનનાં પાંચ મુખ્ય દ્વારો બંધ કરી દેવાં. એટલે કે, તેણે અહિંસાનું સૂક્ષ્મતાથી પાલન કરવું, અને છયે જીવવર્ગોને પોતાના સમાન ગણી તેમનો વધ ન થાય તે માટે કાળજી રાખવી; જેમકે, તેણે

પૃથ્વીને ખણવી નહીં કે ખણાવવી નહીં; ઠંડું પાણી પીવું નહીં કે પિવરાવવું નહીં; તીક્ષ્ણ શસ્ત્રરૂપ અગ્નિ સળગાવવો નહીં કે સળગાવરાવવો નહીં; પંખા વગેરે વડે પવનને વીંજવો નહીં કે વીંજાવવો નહીં; હરિયાળીને છેદવી નહીં કે છેદાવવી નહીં; બીજેનો હંમેશાં ત્યાગ કરવો; સજીવ વસ્તુઓનું ભક્ષણ ન કરવું; તેમ જ અન્ન રાંધવાનાં પૃથ્વી, તૃણ, અને કાષ્ઠ વગેરેમાં રહેલા સ્થાવર-જંગમ જીવોનો વધ થતો હોવાથી, પોતાને ઉદ્દેશીને તૈયાર થયેલો આહાર ખાવો નહીં, તેમ જ રાંધવો-રંધાવવો નહીં[1]. [૨૫]

એ પ્રમાણે અપરિગ્રહ મુનીનાં પાંચે મહાવ્રતો તેણે કાળજીપૂર્વક પાળવાં. તેણે ધન, સોનું, રૂપું વગેરેનો ત્યાગ કરવો. તેમ જ, ગૃહસ્થો સાથેનો સંબંધ ક્રોધ, લોભ, માન અને માયાનો પણ ત્યાગ કરી, બુદ્ધના વચનમાં નિત્ય પ્રયત્નશીલ રહેવું. તેણે અગાઉથી એવી અચળ શ્રદ્ધા રાખવી કે, જ્ઞાન, તપ અને સંયમ એ જ સાચો માર્ગ છે. જે ભિક્ષુ મન-વાણી-કાયાને નિયમિત કરી, તપ વડે પુરાણાં પાપોને ખંખેરી નાખે છે, તે જ સાચો ભિક્ષુ છે. તેણે વિવિધ આનન્દ મેળવીને, ... કે પરમ-

[1] [illegible]

દિવસે કામ આવશે' એમ માની તેનો સંગ્રહ કરવો નહીં કે કરાવવો નહીં, પરંતુ બીજા સાધર્મિકોને પોતે મેળવેલાં અન્નપાનમાં ભાગ પડાવવાનું નિમંત્રણ આપીને ખાવું; અને ખાઈને સ્વાધ્યાયમાં જ રત થવું. [૬-૮]

સત્ય વાણી બોલવાની સાથે જ તેણે કલેશ ઊભો કરે તેવી વાણી ન બોલવી; તેમ જ અનુદ્ધત ઇંદ્રિયવાળા તથા રાગાદિરહિત થઈને કોઈની ઉપર ગુસ્સો ન કરવો. સાચો ભિક્ષુ હંમેશાં સંયમમાં જ લવલીન રહે છે તથા અનાકુલપણે વિચરે છે. માન્ય પુરુષોનો તે કદી અનાદર નથી કરતો. સાચો ભિક્ષુ બીજાનાં મર્મવેધી વાગ્બાણો તેમ જ તિરસ્કાર સહન કરે છે, તથા અત્યંત ભયજનક શબ્દો કે અટ્ટહાસ્યો બંનેનાં સુખદુઃખ સમાનરૂપે સહન કરી લે છે. [૯-૧૧]

તેણે બીજાં વિઘ્નો કે સંકટોને પણ તેવી જ રીતે સહન કરી લેવાં. સ્મશાનમાં કોઈ તપક્રિયા[1] અંગીકાર કરીને બેઠો હોય, તો ત્યાંની ડરામણી પરિસ્થિતિ દેખીને તે ડરી જાય નહીં, પરંતુ વિવિધ ગુણ અને તપમાં નિરંતર રત રહી, શરીરની પણ પરવા ન કરે તેણે પોતાના શરીરની અભિકાંક્ષા ન રાખવી, તેમજ કોઈ તિરસ્કાર કરે, મારે, કે કાપે તો પણ

પૃથ્વી જેવા સહનશીલ થવું. તેણે ફળની આકાંક્ષા ન રાખવી તથા અકુતૂહલી થવું. બધાં સંકટોને શરીરથી પણ[1] સહન કરી લઈ, તેણે પોતાના આત્માનો જન્મમરણના ચક્રમાંથી ઉદ્ધાર કરવો. જન્મમરણને મહા ભયરૂપ જાણી, ભિક્ષુએ શ્રમણમાર્ગમાં જણાવેલા તપમાં સ્થિત થવું. સાચો ભિક્ષુ હાથ, પગ, વાચા અને ઇંદ્રિયોનો સંયમ કરે, આત્મા (–ના પ્રશસ્ત ધ્યાન) માં જ રત થાય; તથા તે ધ્યાનનું સંપાદન કરનારા ગુણોમાં સ્થિત થઈ, શાસ્ત્ર અને તેના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરે. [૧૨-૫]

તે વસ્ત્રાદિ સામગ્રીમાં અનાસક્ત રહે, અન્નાદિમાં અલુબ્ધ રહે, તથા ઊંચાંનીચાં બધાં ઘરોમાંથી અપરિચિતપણે થોડું થોડું અન્ન માગી લાવે. તે કશું ખરીદે નહીં, વેચે નહીં, કે સંઘરે નહીં; તથા સર્વ પ્રકારના સંગોમાંથી વિરત થાય — જે ભિક્ષુ અચપળ છે, રસોમાં આસક્તિ વિનાનો છે, ભિક્ષાવૃત્તિથી જીવે છે; જીવનની અભિકાંક્ષા વિનાનો છે; ઋદ્ધિ, સત્કાર અને પૂજાનો ત્યાગ કરનારો છે, એકાગ્રચિત્ત છે; તથા કામના વિનાનો છે, તે જ સાચો ભિક્ષુ છે. [૧૬-૭]

૧ [illegible]

દરેકને પોતાનાં પુણ્ય-પાપ જાતે ભોગવવાનાં છે એમ જાણી, તેણે 'સામો માણસ કુશીલ છે' એમ ન બોલવું, તેમજ જેથી બીજાને કાંઈ ગુસ્સો થાય તેવું પણ ન બોલવું. પોતામાં કાંઈ ગુણાદિ હોય તેનો તેણે ગર્વ ન કરવો. ટૂંકમાં, તેણે જાતિ, રૂપ, લાભ, વિદ્યા વગેરે સર્વ મદોનો[1] ત્યાગ કરી, ધર્મધ્યાનમાં[2] જ રત રહેવું. [૧૮-૯]

તે મહામુનિએ હંમેશાં આર્યોએ જણાવેલા શુદ્ધ ધર્મમાર્ગનો જ ઉપદેશ કરવો; તથા જાતે ધર્મમાં સ્થિત થઈ બીજાને પણ તેમાં સ્થાપિત કરવા. સર્વ પ્રકારના કુશીલનો તથા હાસ્ય-પ્રહાસ્યનો[3] તેણે ત્યાગ કરવો. એ પ્રમાણે નિત્ય હિતકર એવા મોક્ષમાર્ગમાં સ્થિત થયેલો તે ભિક્ષુ આ અપવિત્ર અને અનિત્ય એવા દેહવાસનો ત્યાગ કરી, તથા જન્મમરણનું બંધન ત્યાગી, અપુનરાગમનવાળી સિદ્ધગતિને પામે છે, એમ હું કહું છું. [૨૦-૧]

૧. [illegible]

૨. [illegible]

૩. [illegible]

નોંધ

મૂળમાં આ અધ્યયનનું નામ 'સભિક્ષુ' છે. ભદ્રબાહુસ્વામી પોતાની નિર્યુક્તિમાં (૩૨૯) જણાવે છે કે, આ અધ્યયનમાં 'સભિક્ષુ' શબ્દનો 'સ' અક્ષર, નિર્દેશ તેમજ પ્રશંસા બંને અર્થોમાં લાગુ પડે છે. 'જે બાબતો દશવૈકાલિકમાં કર્તવ્ય તરીકે જણાવી છે, તેમનું યથાશક્તિ પાલન કરવા માટે જે મુમુક્ષુ ભિક્ષાચર્યા સેવે છે (પેટ ભરવા નહિ), તે જ (સાચો) ભિક્ષુ છે,' એ નિર્દેશનો અર્થ થયો. અને 'જે ભિક્ષુ બાવન પેટભરા અને ગુણરહિત પરિવ્રાજકોની પેઠે આચરણ ન કરતાં આ શાસ્ત્રના સારરૂપ છેલ્લા અધ્યયનમાં જણાવેલ ગુણોવાળો થાય છે, તે સદ્ ભિક્ષુ છે.' એ પ્રશંસાનો અર્થ થયો [૩૩૦ ?]

ભિક્ષુ શબ્દનું નિરુક્ત નિર્યુક્તિમાં નીચે પ્રમાણે આપ્યું છે:

જે બાંધે [illegible] કર્મ, બાહ્ય અને આભ્યંતર [illegible] આ પ્રકારના કર્મને ભેદી નાખે છે (ભિનત્તિ), તે ભિક્ષુ [illegible] ૩૪૨]

[illegible] ભિક્ષુ [illegible] છે, તે [illegible] [૩૪૮]

[illegible] 'ભિક્ષુ' શબ્દના પર્યાયો [illegible] નિર્યુક્તિમાં [illegible]

[illegible]

[illegible] [૩૪૫]

નિર્યુક્તિમાં ભિક્ષુનાં 'લિંગો' એટલે કે લક્ષણો નીચે પ્રમાણે જણાવ્યાં છે :

'સંવેગ' : એટલે કે મોક્ષસુખની અભિલાષા; 'નિર્વેદ' : એટલે કે સંસારવિષયક અણગમો, 'વિષયવિવેક'; 'સુશીલ-સંસર્ગ' (સત્સમાગમ), 'આરાધના.' એટલે કે મોક્ષમાર્ગનું સેવન (અથવા અંતકાળે અન્નાદિનો ત્યાગ કરવો તે); તપ, જ્ઞાન, દર્શન (શ્રદ્ધા) ચારિત્ર, વિનય, ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, વિમુક્તતા (અનાસક્તિ), અદીનતા, તિતિક્ષા અને આવશ્યક પરિશુદ્ધિ (આવશ્યક કરવાનાં કર્તવ્યો પરિપૂર્ણ રીતે કરવાં તે) ૩૪૯]

ઉપસંહાર કરતાં નિર્યુક્તિકારે જણાવ્યું છે કે :

जो भिक्खु गुणरहिओ भिक्खं गिण्हइ न होइ सो भिक्खू ।
वण्णेण जुत्तिसुवण्णगं व असई गुणनिहिम्मि ॥ ३५६ ॥

'જે ભિક્ષુ જ્ઞાનસમાધિ વગેરે ભિક્ષુગુણો વિનાનો છે, તે માત્ર ભિક્ષા માગવાથી ભિક્ષુ થઈ શકતો નથી. જેમ ... સોનાનો રંગ માત્ર ધારણ કરવાથી ... ગુણો વિના સોનું થઈ શકતું નથી તેમ.*

* [illegible] ... પ્રમાણે [illegible]
[illegible]
[illegible] ... અને [illegible]
[illegible]
(દશવૈકાલિક [illegible])

સમીસાંજનો ઉપદેશ

ખંડ ૨ જો

પૂર્તિઓ

૧

રતિવાક્ય[1]

હે સાધુ! સંસારત્યાગ કર્યા બાદ ઠંડી વગેરે શારીરિક દુઃખો કે કામવાસના વગેરે માનસિક દુઃખો ઉત્પન્ન થવાથી તને તારા સંયમમાર્ગમાં ઉદ્વેગ થાય, અને તેનો ત્યાગ કરવાનો તને વિચાર આવે, તો તેમ કરતા પહેલા નીચેનાં ૧૮ પદો ઉપર બરાબર વિચાર કરજે. કારણ કે તે પદો ઘોડાની લગામ જેવાં, હાથીના અંકુશ જેવા અને વહાણના સઢ જેવાં છે.

તે આ પ્રમાણે છે.

૧ [illegible]

૧. આ અધમ કાલમાં[1] મહામુશ્કેલીએ આજીવિકા ચલાવી શકાય તેમ છે[2]

૨. ગૃહસ્થીઓના કામભોગો પણ અસાર તેમ જ અલ્પકાલિક હોય છે.

૩ મનુષ્યો પણ બહુ કપટી બની ગયા છે.

૪. અત્યારનું (સંયમી જીવનનું) આ દુઃખ પણ હંમેશ રહેવાનુ નથી

૫ ભિક્ષુપણુ છોડીને ગૃહસ્થાશ્રમમાં જતાં હીન લોકોની પણ ખુશામત કરવી પડશે

૬ ઓકેલું ફરી પીવુ પડશે.

૭. હલકી ગતિને હાથે કરી સ્વીકારવા જેવું થશે.

૮. પુત્ર-સ્ત્રી વગેરે પાશોમા બંધાયેલા ગૃહસ્થને મોક્ષધર્મની પ્રાપ્તિ કે તેનું પાલન દુર્લભ છે

૯. વિવિધ રોગો તેના વિનાશનું કારણ થઈ પડે છે.[3]

૧. [illegible]

૨. [illegible]

૩. [illegible]

૧૦. વિવિધ સંકલ્પો પણ તેના વિનાશનું કારણ થઈ પડે છે.

૧૧. ગૃહસ્થને ખેતી, વેપાર, ઢોરઢાંખર વગેરેની અનેક ચિંતાઓ કરવાની હોય છે; જ્યારે ભિક્ષુને તે બાબતની નિરાંત હોય છે.

૧૨. ગૃહસ્થાશ્રમ બંધનરૂપ છે; જ્યારે ભિક્ષુ-જીવન મુક્તિરૂપ છે

૧૩. ગૃહસ્થાશ્રમ સદોષ[1] છે. જ્યારે ભિક્ષુ-જીવન નિર્દોષ છે

૧૪. ગૃહસ્થીના કામભોગો પડાવી લેવાની ઇચ્છા બહુ લોકો કરતા હોય છે.[2]

૧૫. ગૃહસ્થ સ્ત્રી-પુત્રાદિને માટે વિવિધ કર્મો કરે છે, પરંતુ પોતાનું પાપ-પુણ્ય તો દરેકને પોતે જ ભોગવવું પડે છે, તેમાં કોઈ ભાગ પડાવતું નથી.

૧૬. મનુષ્યોનું આયુષ્ય દાભની અણી ઉપર ટોળેલા પાણીના બિંદુ જેવું અત્યંત ચંચળ છે.[3]

1 [illegible]

2 [illegible]

3 [illegible]

૧૭. મેં ખરેખર પૂર્વે બહુ પાપકર્મ કર્યું હશે![1]

૧૮. એ બધાં જે પાપકર્મ મેં પૂર્વે આચર્યાં છે, તેમને ભોગવીને જ કે તપથી તેમનો ક્ષય કરીને જ તેમાથી છૂટું થઈ શકાશે; એમ ને એમ નહીં જ છુટાય!

શ્લોકો

અનાર્ય બુદ્ધિવાળો, તથા ભોગોમાં આસક્ત એવો મૂઢ ભિક્ષુ જ્યારે ધર્મનો ત્યાગ કરે છે, ત્યારે તે ભવિષ્યકાળનો વિચાર નથી કરતો [૧]

પરંતુ સર્વ ધર્મોમાથી પરિભ્રષ્ટ થઈ ગૃહસ્થી બન્યા બાદ, તે મૂર્ખ મનુષ્ય સ્વર્ગમાથી પૃથ્વી પર પડેલા ઇંદ્રની જેમ દુખી થાય છે [૨]

પ્રથમ તો તે બધાનો વંદનીય હતો, પૂજ્ય હતો તથા માન્ય હતો પરંતુ પછી તે અવંદનીય, અપૂજ્ય અને અમાન્ય બની જાય છે; તથા સ્થાનભ્રષ્ટ થયેલા દેવની જેમ, રાજ્યભ્રષ્ટ થયેલા રાજાની જેમ,

[illegible]

૧. [illegible]

અને ક્ષુદ્ર ગામડામાં આવી પડેલા નગરશેઠની જેમ પસ્તાય છે. [૩-૫]

વળી જ્યારે યૌવનાવસ્થા પૂરી થવાથી તે વૃદ્ધ બને છે, ત્યારે પોતાને વીંટળાયેલા ક્લેશકારી સ્ત્રી-પુત્રાદિ કુટુંબની દુશ્ચિતાઓથી હણાઈને તથા મોહપરંપરામાં ગૂંચવાઈને, તે ગલ ગળેલા માછલાની જેમ કે કાદવમાં ખૂંતેલા હાથીની જેમ બહુ દુખી થાય છે [૬-૮]

તે વખતે તેને વિચાર આવે છે કે, 'જો હું જિનેશ્વર ભગવાને ઉપદેશેલ સાધુજીવનમાં રત રહ્યો હોત, તો આજે તો હું શાસ્ત્રજ્ઞાની તથા શુદ્ધ વિચારવાળો આચાર્ય બન્યો હોત!' આમ સંયમમાર્ગમાં રત મહર્ષિઓનું દેવલોક સમાન સુખદ સાધુજીવન, અને સંયમમાર્ગથી કંટાળી ધર્મત્યાગ કરનાર પુરુષોનું મહાનરક સમાન ગૃહસ્થજીવન દેખી, બુદ્ધિમાન પુરુષે સાધુજીવનમાં જ રત રહેવું. [૯-૧૧]

ધર્મથી ભ્રષ્ટ થયેલા અને તપોલક્ષ્મીથી રહિત બનેલા તે દુરાચારી મનુષ્યને, પાણી, ઓલવાઈ ગયેલા અને તેજ વિનાના બનેલા યજ્ઞના અગ્નિની માફક તથા [illegible] ઝેરી દાઢ કાઢી લીધેલા નાગની માફક [illegible] પુરુષો પણ તિરસ્કાર કરે છે. ધર્મથી ભ્રષ્ટ [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] તે મનુષ્યને આ

જન્મમાં અધર્મ, અપયશ, અપકીર્તિ, અને હલકા લોકોમાં પણ બદનામી પ્રાપ્ત થાય છે; તથા મૃત્યુ બાદ હલકી ગતિ પ્રાપ્ત થાય છે. આમ, આવેગ-યુક્ત[1] ચિત્ત વડે ભોગો ભોગવીને, તથા અનેક પ્રકારનો અસંયમ આચરીને તે અનિષ્ટ તેમજ દુઃખ-પૂર્ણ એવી નરકયોનિ પામે છે, તથા તેને ફરી ધર્મજ્ઞાન પ્રાપ્ત થવું પણ સુલભ રહેતું નથી. [૧૨-૪]

"અરે! અત્યંત દુઃખયુક્ત તથા ક્લેશપૂર્ણ એવા નરકયોનિના જીવના 'પલ્યોપમ' અને 'સાગરોપમ'[2] વર્ષો જેટલા લાંબા કાળના શારીરિક તેમજ માનસિક દુઃખનો પણ અંત આવે છે; તો પછી મારું આ અલ્પકાલિક માનસિક દુઃખ (થોડા વખતમાં) નષ્ટ થઈ જશે એમાં શું અસંભવિત છે? અત્યારે મને ભોગપિપાસાને લીધે સંયમમાં અરતિ થઈ છે. પરંતુ એ ભોગપિપાસા કાંઈ નિત્ય નથી; યૌવનાવસ્થા પૂરી થતાં તેનો અંત આવવાનો જ છે. અને ધારો કે આ શરીર કાયમ રહે ત્યાં સુધી પણ તેનો અંત ન આવ્યો, તોપણ આયુષ્ય પૂરું થતાં તો તેનો અંત આવશે જ!" આ પ્રમાણે જે સાધુ પોતાના આત્માને દૃઢ કરે છે, તે કાંઈ વિઘ્ન આવતાં

૧. [illegible]

[illegible]

[illegible]

દેહનો ત્યાગ કરશે, પણ ધર્માજ્ઞાનો ત્યાગ નહીં કરે; અને તેવા દૃઢનિશ્ચયી પુરુષને પછી ઇંદ્રિયો પણ વિચલિત કરી શકતી નથી — ગમે તેવા પ્રબળ પવનો સુદર્શન (મેરુ) પર્વતને ચલિત નથી કરી શકતા તેમ. આમ વિચારી, બુદ્ધિમાન પુરુષ જ્ઞાનાદિના વિવિધ ઉપાયો સમજી લઈ, મન-વાણી અને કાયાને નિગ્રહમાં રાખી, જિનોએ ઉપદેશેલા માર્ગમાં સ્થિત થાય, એમ હું કહું છું. [૧૫-૮]

ટિપ્પણો

૧. [illegible] કાળચક્રના બે ભાગ પાડે છે: ૧. દરેક શુભ ભાવમાં હાનિ પામતા (નીચે જતા) અને ૨. દરેક શુભ ભાવમાં વૃદ્ધિ પામતા (ઉપર જતા.) પહેલાને અવસર્પિણી કહે છે, અને બીજાને ઉત્સર્પિણી કહે છે. તે દરેકના પાછા છ ભાગ [illegible] 'આરા' [illegible] સુષમ-સુષમા, સુષમા, સુષમ-દુઃષમા, દુઃષમ-સુષમા, દુઃષમા, અને દુઃષમ-દુઃષમા [illegible]

[illegible]

[illegible]

ત્રીજો આરો ૨ × (,, ,,) ,,
ચોથો આરો ૧ × (,, ,,) ,, માં એ
૪૨,૦૦૦ વર્ષ

પાંચમો આરો ૨૧,૦૦૦ વર્ષ
છઠ્ઠો આરો ૨૧,૦૦૦ વર્ષ

'સાગર' વર્ષના અર્થ માટે જુઓ નીચે ટિપ્પણ નં.

* 'પલ્યોપમ' અને 'સાગર' વર્ષો

મ્ણનાથી નહી પણ ઉપમાથી જ સમજી શકાય તે વર્ષોની એક ગણતરીને 'પલ્યોપમ' કહેવામાં આવે છે. જે કે, યોજન પ્રમાણ લાંબા પહોળા ને ઊંડા ખાડાને ત્રીણામ ત્રીણા વાળના ટુકડાઓથી ઠાંસીને ભરે, અને તેમાંથી દર સો વર્ષે એક એક ટુકડો કાઢે એ રીતે તે ખાડો ખાલી થતા જે વખત લાગે, તે 'બાદરઅદ્ધા પલ્યોપમ' કહેવાય. તે વાળના દરેક ખંડના અસંખ્યાતા કરી, સો સો વર્ષે એક એક ખંડ કાઢવામાં આવે તથા રીતે તે ખાડો ખાલી થાય તેટલા કાળ તે 'સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ' કહેવાય. તથા ૧૦ × (૧ કરોડ × ૧ કરોડ) પલ્યોપમ બરાબર ૧ સાગર વર્ષ થાય

[illegible]

૨

એકાંતચર્યા

ત પાસેથી[1] સાંભળેલી કેટલી
વામાં આવે છે; તે સાંભળી
ી ધર્મમાં શ્રદ્ધા થાય છે.
યસમુદાય તો સંસારપ્રવાહ-
ા ઉપશમ પ્રતિ જ જનારો
ંસારપ્રવાહથી ઊલટી બાજુ પ
મુમુક્ષુ તો તે કરીણમાં ...

ઊલટે વહેણે જ પોતાની જાતને પ્રવર્તાવવી. નીચે વહેણે જવું હમેશાં સહેલું હોય છે, તેથી જન-સમુદાય તો વિષયાદિની પ્રવૃત્તિરૂપ નીચલે વહેણે તણાવામાં જ સુખ માને છે. તેનાથી ઊલટું, સાધુ પુરુષો સંયમમાં જ સુખ માને છે. કારણ કે નીચલે વહેણે તો સંસારસમુદ્રમાં જવાનું છે; અને ઊલટે વહેણે જ તેમાંથી બચવાનું છે. માટે જ્ઞાનાદિ પ્રાપ્ત કરવામાં પરાક્રમશીલ, સંયમી, તેમજ સમાધિયુક્ત એવા સાધુએ ભિક્ષુચર્યા[1], અહિંસાદિ વ્રતો, તેમજ આહારશુદ્ધિ વગેરે ગુણો[2] તથા તેમનું યથાસમય પાલન વગેરે નિયમો ઉપર જ લક્ષ રાખવું. ૨-૪]

એક ઠેકાણે કાયમ ન રહેવું, મકાનમાં ન રહેવું, અનેક ઠેકાણેથી માગીને ભિક્ષા મેળવવી[3], અપિરિચિત ઠેકાણેથી જ જોઈતી વસ્તુઓ માગવી, એકાંત સ્થાનનું જ સેવન કરવું, થોડામાં થોડી સાધનસામગ્રી રાખવી, અને કલહનો ત્યાગ કરવો, એ ઋષિઓની ઉત્તમ વિહારચર્યા કહેવાય છે. ભિક્ષુએ ભિક્ષા માગવા

1. [illegible]
2. [illegible]
3. [illegible]

માટે રાજકુલ કે જમણવાર જેવાં ધમાલવાળાં સ્થાનો તજી દેવાં; જ્યાં સાધુઓનું અપમાન થતું હોય, તેવાં સ્થાનો તજી દેવાં; નજરે જોયેલાં આહાર-પાણી જ લેવાં; તથા ખરડાયેલા હાથે અને વાસણે આપેલાં જ[1] લેવાં. તેણે મદ્ય અને માંસનો ત્યાગ કરવો; બીજાની વિભૂતિનો દ્વેષ ન કરવો; પુષ્ટિકારક વસ્તુઓનો મોટે ભાગે[2] ત્યાગ કરવો; વારંવાર ધ્યાન[3] કરવું, અને સ્વાધ્યાયમાં પ્રયત્નશીલ રહેવું. એક ઠેકાણે ચાતુર્માસાદિ કર્યા પછી નીકળતી વખતે પોતે વાપરેલાં શયન, આસન, મુકામ, સ્વાધ્યાયભૂમિ વગેરેની બાબતમાં મમત્વ રાખી, 'હું ફરી પાછો આવું ત્યારે આ વસ્તુઓ મને જ આપજો' એવો નિશ્ચય દાતા પાસે ન કરાવવો; તેમજ કોઈ પણ ગામ, કુલ, નગર, કે દેશ પ્રત્યે મમત્વ ન કરવું. ગૃહસ્થના મુકામમાં રહેતી વખતે પણ તેણે તેની સેવાચાકરી કે અભિવાદન, તથા વંદન કે પૂજન ન કરવાં. [૫-૯]

૧. [illegible]

૨. [illegible]

૩. [illegible]

દોષ હું જાણવા છતાં ત્યાગતો નથી.' આ જાતનું બરાબર નિરીક્ષણ કરનારો સાધુ આગામી દોષનું નિવારણ કરી શકે છે. જે બાબતમાં તેને મન-વાણી-કાયાથી ક્યાંક દુરાચરણ થયેલું લાગે, તે બાબતમાં તે તરત પોતાની જાતને ઠેકાણે લાવી દે: જાતવાન અશ્વ લગામની સૂચનાને ઝટ સ્વીકારી, ઠેકાણે આવી જાય છે તેમ. જે જિતેંદ્રિય અને ધૃતિમાન સાધુ આ પ્રમાણે આત્મનિરીક્ષણની પ્રવૃત્તિ કરે છે, તે જગતમાં 'જાગતો' છે; અને તે જ સંયમીજીવન જીવે છે એમ કહેવાય. સર્વે ઇંદ્રિયોને વિષયોમાંથી નિવૃત્ત કરી, આત્માનું નિરંતર રક્ષણ કર્યા કરવું જોઈએ; કારણ કે તેનું જો રક્ષણ ન કર્યું, તો તે જન્મમરણને માર્ગે વળે છે, અને તેનું બરાબર રક્ષણ કર્યું હોય, તો તે સર્વ દુઃખોમાંથી મુક્ત થાય છે, એમ હું કહું છું. [૧૨-૬]

સુભાષિતો

ધર્મ

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसन्ति जस्स धम्मे सया मणो ॥

ધર્મ એ પરમ મંગલ છે. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મમાં જેનું મન સદા લાગેલું છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે. ૧

देहं नु कुणा [illegible] जा जाव न निवारए ।
[illegible] निमंदंता [illegible] धम्मं [illegible] ॥

[illegible] ૨

आयावयाहि चय सोगमल्लं
कामे कमाहि कमियं खु दुक्खं ।

छिंदाहि दोसं विणएज्ज रागं
एवं सुही होहिसि संपराए ॥

તપ વડે શરીરને કસીને શરીરની સુકુમારતા દૂર કરો. એ રીતે જેણે કામોને ઓળંગ્યા છે, તેણે દુઃખસમુદ્રને પણ ઓળંગ્યો સમજવો. જેણે પદાર્થો પ્રત્યેના રાગદ્વેષ દૂર કર્યા છે, તે આ સંસારમાં સુખી થાય છે. [૨.૫]

कहं चरे कहं चिट्ठे कहमासे कहं सए ।
कहं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥
जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥

કેમ ચાલવું, કેમ ઊભા રહેવું, કેમ બેસવું, કેમ સૂવું, કેમ ખાવું, અને કેમ બોલવું, જેથી પાપકર્મ ન બંધાય? કાળજીપૂર્વક ચાલવું, કાળજીપૂર્વક ઊભા રહેવું, કાળજીપૂર્વક બેસવું, કાળજીપૂર્વક સૂવું, કાળજીપૂર્વક ખાવું, અને કાળજીપૂર્વક બોલવું; તો પાપકર્મ નહિ બંધાય. [૪.૮]

सव्वभूयप्पभूयस्स सम्मं भूयाइं पासओ ।
पिहियासवस्स दंतस्स पावं कम्मं न बंधइ ॥

સર્વ ભૂતપ્રાણિઓને પોતાના [illegible] સમાન [illegible] અને [illegible] પૂર્વક [illegible] પાપકર્મો [illegible] પાપકર્મ બંધાતું નથી. [illegible]

[illegible]

पढमं नाणं तउ दया एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी कि काही किवा नाही छेअपावगं ॥

પ્રથમ જ્ઞાન, અને પછી દયા, એ સંયમી પુરુષની સ્થિતિ છે. જે અજ્ઞાની છે, તે શું આચરે, તથા હિત-અહિત કેમ કરીને જાણે? [૫-૧૦]

मोचा जाणइ कल्लाणं सोचा जाणइ पावगं ।
उभयपि जाणए मोच्चा जं छेयं तं समायरे ॥

જ્ઞાની પાસેથી સાંભળીને જ કલ્યાણ તેમ જ પાપ જાણી શકાય છે. તે બંને જ્ઞાની પાસેથી જાણીને, જે કલ્યાણકારી હોય, તે આચરવું [૫-૧૧]

सुहसायगस्स समणस्स सायाउलगस्स निगामसाइस्स ।
उच्छोलणापहोअस्स दुलहा सुगई तारिसगस्स ॥
तवोगुणपहाणस्स उज्जुमइ खंतिसंजमरयस्स ।
परीसहे जिणंतस्स सुलहा सुगई तारिसगस्स ॥

સુખાસક્ત, સુખેચ્છુ, ઊંઘણશી, તેમ જ ધો-ધોઈ ફર્યા કરનારા શ્રમણને સુગતિ દુર્લભ છે, પરંતુ તપોધન, સરળ બુદ્ધિવાળા, ક્ષમાવાન, સંયમમાં પરાયણ તથા મુશ્કેલીઓથી ન ડગનારા શ્રમણને સુગતિ સુલભ છે. [૫,૨૬-૭]

અહિંસા

सव्वे जीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणवहं घोरं निग्गंथा वज्जयंति णं ॥

સર્વે જીવો જીવવા ઇચ્છે છે; મરવા ઇચ્છતા નથી. માટે
ર્ગ્રંથો ઘોર એવી જીવહિંસાનો ત્યાગ કરે છે. [૬,૨,૧૧]

સત્ય

मुसावाओ उ लोगम्मि सव्वसाहूहिं गरिहिओ ।
अविस्सासो अ भूआणं तम्हा मोसं विवज्जए ॥

આ લોકમાં સર્વ સાધુપુરુષોએ અસત્યવચનની નિંદા
લી છે. વળી તે બધાં ભૂતપ્રાણીઓના વિશ્વાસનો ભંગ
રનારૂપ છે, માટે અસત્યનો ત્યાગ કરવો [૬,૨,૧૨]

तहेव फरुसा भासा गुरुभूओवघाइणी ।
सच्चा वि सा न वत्तव्वा जओ पावस्स आगमो ॥

મોટા જીવનું હિત દુભાય એવી કઠોર વાણી સાચી
હોય તોપણ ન બોલવી. કારણ કે તેથી પાપબંધન જ થાય
છે. [૭,૧૧]

બ્રહ્મચર્ય

अबंभचरियं घोरं पमायं दुरहिट्ठियं ।
नायरंति मुणी लोए भेयाययणवज्जिणो ॥
मूलमेयमहम्मस्स महादोससमुस्सयं ।
तम्हा मेहुणसंसग्गं निग्गंथा वज्जयंति णं ॥

મૈથુન સર્વ [illegible] મૂળ [illegible], [illegible]
[illegible], મહાદોષોના સમૂહરૂપ, [illegible] તથા સર્વ
[illegible] [illegible] નિર્ગ્રંથો તેનો
[illegible] [૬,૨,૧૫]

विभूसा इत्थिसंसग्गो पणीअं रसभोअणं ।

नरस्सत्तगवेसिस्स विसं तालउडं जहा ॥

શારીરિક ટાપટીપ, સ્ત્રીનો સંસર્ગ અને રસદાર અન્નપાન એ વસ્તુઓ આત્મગવેષી મનુષ્યને માટે તાલપુટ વિષ જેવી છે [૮-૫૭]

हत्थपायपलिच्छिन्नं कण्णनासविगप्पिअं ।

अवि वाससयं नारिं बंभयारी विवज्जए ॥

જેના હાથ-પગ કપાઈ ગયા હોય, તથા જેનાં નાક-કાન બેડોળ થઈ ગયા હોય, એવી સો વર્ષની સ્ત્રીનો પણ સાધુએ સંસર્ગ ન કરવો. [૮-૫૬]

અપરિગ્રહ

न सो परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा ।

मुच्छा परिग्गहो वुत्तो इअ वुत्तं महेसिणा ॥

સંયમ અને લજ્જાના નિર્વાહાર્થે રાખેલી આવશ્યક વસ્તુઓને જ્ઞાતપુત્ર ભગવાને પરિગ્રહ નથી ગણ્યો; પરંતુ આસક્તિ – મમતાને જ પરિગ્રહ કહેલ છે [૬,૨,૨૧]

રાત્રીભોજનત્યાગ

अहो निच्चं तवोकम्मं सव्वबुद्धेहिं वण्णिअं ।

जा य लज्जासमा वित्ती एगभत्तं च भोअणं ॥

સર્વે તીર્થંકરોએ આ હમેશનું તપકર્મ વર્ણવ્યું છે કે, નિર્દોષ પૂરતું જ દેહનું પાલનપોષણ અને દિવસે એકવાર જ ભોજન લેવું. [૬,૨,૨૩]

૧. [illegible]

અપ્રમાદ

जरा जाव न पीडेई वाही जाव न वड्ढई ।
जाविंदिआ न हायंति ताव धम्मं समायरे ॥

જ્યાં સુધી વૃદ્ધાવસ્થાથી પીડિત થયા નથી, રોગો વધ્યા નથી, અને ઇંદ્રિયોની શક્તિ કાયમ છે, ત્યાં સુધી ધર્મનું આચરણ કરવાનો પ્રયત્ન કરવો. [૮-૩૬]

કષાયજય

कोहो अ माणो अ अणिग्गहीआ
माया अ लोभो अ पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया
सिंचंति मूलाइं पुणब्भवस्स ॥

કુકૂરિયત થયેલા ક્રોધ અને માન, તથા વધેલાં માયા અને લોભ એ ચાર મલિન કષાયો પુનર્જન્મરૂપી વૃક્ષના મૂળનું સિંચન કરે છે. [૮-૪૦]

कोहो पीइं पणासेइ माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ लोहो सव्वविणासणो ॥

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરે છે. [૮-૩૮]

उवसमेण हणे कोहं माणं मद्दवया जिणे ।
मायं चज्जवभावेण लोभं संतोसओ जिणे ॥

શાંતિ વડે ક્રોધને હણવો, મૃદુતાથી માનને જીતવું, માયાને ઋજુતાથી જીતવી, અને લોભને સંતોષથી જીતવો. [૮-૩૯]

ગુરુનો સહવાસ

इहलोगपारत्तहिअं जेणं गच्छइ सुग्गइं ।
बहुस्सुअं पज्जुवासिज्जा पुच्छिज्जत्थविणिच्छयं ॥

આ લોક અને પરલોકમાં હિતકર એવા ધર્મનું જ્ઞાન મેળવવા માટે શાસ્ત્રજ્ઞ ગુરુને વિનય અને આત્મનિગ્રહપૂર્વક સેવવા; તથા તેમને પદાર્થોના નિર્ણય પૂછવો. [૮-૪૪]

अमोहं वयणं कुज्जा आयरिअस्स महप्पणो ।
तं परिगिज्झ वायाए कम्मुणा उववायए ॥

શિષ્યે ગુરુના વચનને કદી વ્યર્થ ન થવા દેવું, વાણીથી તેનો સ્વીકાર કરી, કાયાથી તેનો અમલ કરવો. [૮-૩૩]

रायणिएसु विणयं पउंजे धुवसीलयं सययं न हावइज्जा ।
कुम्मुव्व अल्लीणपलीणगुत्तो परक्कमिज्जा तवसंजमंमि ॥

ગુણી પુરુષની સોબતમાં રહેતાં વખતે તેમના પ્રત્યે વિનય બતાવવો, પોતાનું શીલ નિશ્ચલ રાખવું, અને કાચબાની પેઠે પોતાનાં અંગપ્રત્યંગોનું નિયમન કરી, તપ અને સંયમમાં પરાક્રમી થવું. [૮-૪૧]

थंभा व कोहा व मयप्पमाया गुरुस्सगासे विणयं न सिक्खे ।
सो चेव उ तस्स अभूइभावो फलं व कीअस्स वहाय होइ ॥

ગર્વ, ક્રોધ, માયા અને પ્રમાદને કારણે જે શિષ્ય ગુરુ પાસે રહીને વિનય નથી શીખતો, તેની તે ઊણપ વાંસના ફળની માફક તેના પોતાના જ નાશનું કારણ થાય છે. [૯-૧]

जेण बंधं वहं घोरं परिआवं च दारुणं ।
सिक्खमाणा निअच्छंति जुत्ता ते ललिइंदिया ॥
तेऽवि तं गुरुं पूअंति तस्स सिप्पस्स कारणा ।
सक्कारंति नमंसंति तुट्ठा निद्देसवत्तिणो ॥
किं पुण जे सुअग्गाही अणंतहिअकामए ।
आयरिआ जं वए भिक्खू तम्हा तं नाइवत्तए ॥

સુકુમાર શરીરવાળા ગર્ભશ્રીમંતો પણ લૌકિક હુન્નર-કારીગરી શીખવા માટે માર-પીટ અને દારુણ પરિતાપ સહન કરે છે, ગુરુને પૂજે છે, તથા તેની આજ્ઞામાં રહે છે; તો પછી અનંત હિતરૂપ મોક્ષ તથા તેના સાધનરૂપ શાસ્ત્રજ્ઞાનની કામનાવાળો ભિક્ષુ આચાર્યના વચનનું ઉલ્લંઘન કેમ કરી શકે? [૯,૨,૧૪-૧]

विवत्ती अविणीअस्स संपत्ती विणीअस्स य ।
जस्सेयं दुहओ नायं सिक्खं से अभिगच्छइ ॥

અવિનીત પુરુષને વિપત્તિ [illegible] અને વિનીત પુરુષને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [૯,૨,૨૨]

[illegible] ।
[illegible] ॥

ગુણો વડે જ સાધુ થવાય છે અને દુર્ગુણો વડે જ અસાધુ થવાય છે. માટે સાધુગુણોનો સ્વીકાર કરો અને અસાધુગુણોનો ત્યાગ કરો. એમ પોતાની જાતને સમજાવી, તથા રાગદ્વેષનો ત્યાગ કરી, જે સમભાવ પ્રાપ્ત કરે છે, તે શિષ્ય બધાનો પૂજ્ય બને છે. [૯,૩,૧૧]

આત્મનિરીક્ષણ

जो पुव्वरत्तावररत्तकाले संपेहए अप्पगमप्पगेणं ।
किं मे कडं किं च मे किच्चसेसं किं सक्कणिज्जं न समायरामि ॥
जस्सेरिसा जोग जिइंदियस्स धिईमओ सप्पुरिसस्स निच्चं ।
तमाहु लोए पडिबुद्धजीवी सो जीअई संजमजीविएणं ॥

જે સાધક રાત્રીના પ્રથમ અને અંતિમ પ્રહરમાં હમેશાં આત્મનિરીક્ષણ કરે છે કે, મેં શું કર્યું છે, મારે હજુ શું કરવાનું બાકી છે, અને સાધ્ય થાય તેવું શું હજુ નથી કરતો, તે જિતેંદ્રિય અને ધૃતિમાન પુરુષ જ જગતમાં 'જાગતો' છે અને તે જ સંયમજીવન જીવે છે એમ કહેવાય. [ચૂ૦ ૨,૧૨,૧૫]

સૂચિ

શ્રી પૂંજાભાઈ જૈનગ્રંથમાલા

1. સુત્તનિપાત — ૧-૦-૦
   એ સુપ્રસિદ્ધ બૌદ્ધ ગ્રંથનો ગુજરાતી અનુવાદ
2. ભગવાન બુદ્ધના પચાસ ધર્મસંવાદ — ૧-૦-૦
   'મજ્ઝિમનિકાય'ના પ્રથમ ૫૦ સંવાદો
3. ભગવાન મહાવીરની ધર્મકથાઓ — ૧-૦-૦
   'નાયાધમ્મકહાસુત્ત'નો ગુજરાતી અનુવાદ
4. ભગવાન મહાવીરના દશ ઉપાસકો — ૦-૮-૦
   'ઉવાસગદસાસુત્ત'નો ગુજરાતી અનુવાદ
5. જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર — ૦-૪-૦
6. સન્મતિપ્રકરણ [મૂળ, સટિપ્પણ અનુવાદ] — ૧-૮-૦
7. જિનાગમકથાસંગ્રહ [પ્રાકૃત વ્યાકરણ, કોશ, ટિપ્પણો સાથે] — ૧-૪-૦
8. શ્રીમદ્‌ની જીવનયાત્રા [શ્રીમદ્ રાજચંદ્રની જીવનયાત્રા] — ૦-૮-૦
9. શ્રી રાજચંદ્રનાં વિચારરત્નો — ૦-૧૨-૦
   તેમનાં લખાણોમાંથી વિષયવાર તારવેલા ઉતારા
10. મહાવીરસ્વામીનો સંયમધર્મ — ૧-૦-૦
    'સૂત્રકૃતાંગસૂત્ર'નો છાયાનુવાદ
11. મહાવીરસ્વામીનો આચારધર્મ — ૦-૧૨-૦
    'આચારાંગસૂત્ર'નો છાયાનુવાદ
12. બુદ્ધચરિત [ભગવાન બુદ્ધનું જીવન] — ૧-૪-૦
13. મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ — ૧-૦-૦
    'ઉત્તરાધ્યયનસૂત્ર'નો છાયાનુવાદ
14. શ્રી કુંદકુંદાચાર્યનાં ત્રણ રત્નો — ૦-૮-૦
    પંચાસ્તિકાય, સમયસાર અને પ્રવચનસાર [illegible]
15. [illegible] [illegible] — ૧-૦-૦
16. શ્રી ભગવતીસાર [illegible] — ૨-૦-૦
17. [illegible] — ૦-૧૦-૦
    [illegible]
    [illegible]